
# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૮ * એપ્રિલ, ૨૦૧૧



ખરેખર તો પુદ્‌ગલ-પરિણામનું જ્ઞાન નથી પણ જે પ્રકારના પરિણામ છે તે પ્રકારનું તે સંબંધીનું પોતાનું જ્ઞાન છે; તેને કર્તાપણે જીવ કરે છે અને તે જ્ઞાન જીવનું કાર્યરૂપ કર્મ છે પણ રાગના પરિણામનો જીવ કર્તા નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ જ્ઞાનનો સ્વભાવ જગતના પદાર્થોને જાણવાનો છે તેને બદલે તેને કરવા-મૂકવાનું માને તો અનંતા કષાયખાના માંડવા જેવું મહાન પાપ છે. જ્ઞેયો છે તેને રચવા જાય તો મોટો ખૂની, મહા પાપી કષાયી છે. ૫૫૭.

❀ એને રાગનું ને નિમિત્તનું માહાત્મ્ય આવ્યું છે ને કાં તો એક સમયની પ્રગટ પર્યાયનું માહાત્મ્ય આવ્યું છે પણ વસ્તુ આખી અંદર પડી છે એનું માહાત્મ્ય આવતું નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે ને! કે જગતને સૃષ્ટિનો ગુપ્ત ચમત્કાર ભાસતો નથી એટલે કે અંદરમાં આખી શક્તિ પડી છે તે ભાસતી નથી. ૫૫૮.

❀ શરીરને બાદ કરો, પુણ્ય-પાપને બાદ કરો, અલ્પજ્ઞતાને બાદ કરો, તો બાદ કરતાં કરતાં જે બાકી રહી જાય તે આખો આત્મા છે. ૫૫૯.

❀ સૌના પરિણામની જવાબદારી સૌના માથે છે. ૫૬૦.

❀ ગુરુ કહે છે કે તારામાં તું સમા, ગુરુની પ્રથમ આ આજ્ઞા છે. પ્રથમ દૃષ્ટિ વીતરાગ, જ્ઞાન વીતરાગ, સ્થિરતા વીતરાગ. ત્રણકાળના તીર્થંકરોનો આ હુકમ છે. ૫૬૧.

❀ નયપક્ષનો અર્થ જ વિકલ્પની મમતા છે, અભિનિવેષ છે, ત્યાં પકડાઈ ગયો છે, પર્યાયના લક્ષમાં ઊભો છે ઈ રાગમાં પકડાઈ ગયો છે. ૫૬૨.

❀ પ્રભુ! આપ એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ત્રણને ત્રણલોક સંબંધી જાણો છો એ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. નાનામાં નાનો કાળ એક સમય અને તેમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ત્રણ સ્વરૂપ એવા અનંતા પદાર્થો તેને આપ એક સમયમાં જાણો એ જ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. અનંતા પદાર્થોના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ છે એવી આપની વાણી સર્વજ્ઞતાનું ચિહ્ન છે. એક સમયના બે ભાગ ન થાય પણ એક સમયમાં ત્રણલોકના અનંત ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ તેને સર્વજ્ઞ એક સમયમાં જાણી લે. કાળ નાનો વસ્તુ મોટી! ને તે એક એક સમયમાં ત્રણ ત્રણ ભાગવાળી ને એવા અનંતા પદાર્થો તેને એક સમયમાં જાણી લે અને એ સહિત ભૂતકાળના ને ભવિષ્યકાળના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળા અનંતા પદાર્થો તેને સર્વજ્ઞ એક સમયમાં જાણી લે આહાહા! ૫૬૪.

વર્ષ-૫
અંક-૮




સંવત
૨૦૬૭
April
A.D. 2011

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ભરતક્ષેત્રના ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય તે કાળ! ગુરુદેવ પરમ પુરુષ હતા, મહાશક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયવાળી હતી; પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણી ય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈત્યન્યને ઓળખો....ઓળખો!' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા....ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા. અલ્પકાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમના પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા બાહ્ય-અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રના ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા. તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે. અહીં તો ભગવાનની, જિનેન્દ્ર મંદિરોની ને ગુરુદેવની જ મંગળ છાયામાં રહેવાય છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને એમની મંગળ પ્રભા જ્યાં પથરાઈ હોય એ મળવું મુશ્કેલ છે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો કે પ્રથમ આચરણ કરે તો આત્મા જણાય ?

પૂજ્ય ગુરુદેવશ્રીને કોઈ પ્રસંગે કોઈએ પૂછ્યું કે સાહેબ! પાત્રતા કેવી હોય? તો પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું કે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવાની રુચિ થવી એ પાત્રતા. પરંતુ જીવને અનાદિના શુભ-આચરણના મીઠાશના સંસ્કાર પડ્યા હોવાથી એને એમ થાય કે પહેલાં આચરણ તો આવું હોવું જોઈએ ને! કષાયની મંદતા ને બાહ્યપદાર્થનો આવો ત્યાગ—એ તો હોવું જોઈએ ને! પોતે જ પોતાના કુતર્કથી છેતરાતો રહે છે કે મોઢું રાણી જેવું સુંદર હોય ને કામ કરે કામવાળી જેવા! શીંગડા હોય સુંદર પણ સિંહથી બચવા ભાગી છૂટવા માટે પગમાં દોડવાની તાકાત ન હોય! એટલે કે દ્રવ્યદૃષ્ટિની રુચિ હોય, જીવનભર દ્રવ્યદૃષ્ટિનો અભ્યાસ, શ્રવણ, ચિંતન, મનન, ઘોલન અને ચર્ચા કરે પણ આચરણમાં ત્યાગ ન હોય તો!—એમ એને અનાદિની વિપરીત માન્યતા ને શુભ-અનુષ્ઠાનની મીઠાશબુદ્ધિના કારણે ઊંડે ઊંડે આચરણ તરફનો જ ઝૂકાવ વર્તતો હોય છે. તેને એમ થાય છે કે સિંહણના દૂધ માટે સુવર્ણપાત્ર તો હોવું જોઈએ ને! એટલે આચરણ એ જ સુવર્ણપાત્ર! અરે ભાઈ! સિંહણને દોહવા જવાની શૂરવીરતા જાગે તેનું નામ સુવર્ણપાત્ર છે અર્થાત્ આત્માને જાણવાની રુચિ જાગે તે પાત્રતા છે પણ એ તેને સમજાતું નથી. તેથી પ્રથમમાં પ્રથમ આત્મા જાણવાની તીવ્ર રુચિ જાગ્રત કરવાને બદલે, પહેલાં આ કરવું જોઈએ ને આ હોવું જોઈએ, આ છોડવું જોઈએ—એમ ઊંધે રસ્તે ચડી જાય છે ને ઉપદેશકો પણ દ્રવ્યદૃષ્ટિના વિષયની થોડી વાતો કરતાં કરતાં આચરણની જરૂરીયાત ઉપર વિશેષ ભાર આપતા હોય ત્યારે જીવ ઉલટે રસ્તે ચઢી જતો હોય છે.

તેથી કૃપાસાગર ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રી 'પ્રથમમાં પ્રથમ આત્માને જાણવાના ઉપદેશ' દ્વારા આત્માર્થી મુમુક્ષુને જાગૃત કરે છે કે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો જોઈએ તેના બદલે પહેલાં બીજું આ હોવું જોઈએ, આ કરવું જોઈએ—એમ જે માને છે તે નથી માનતો સર્વજ્ઞને, નથી માનતો શાસ્ત્રને કે નથી માનતો ગુરુને!

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૨મી જન્મજયંતીના મંગલ અવસરે, આત્માને જાણવા માટે પ્રથમ બીજું કરીએ, બીજું કરવું જોઈએ, બીજું પણ હોવું જોઈએ એવા ભ્રામક ઉપદેશથી સાવધાન થઈને, પ્રથમમાં પ્રથમ આત્માને જાણવાના ગુરુ-ઉપદેશના સ્મરણ વડે ગુરુ-ઉપકારને સાર્થક કરીએ :—

# ગુરુ-ઉપદેશ

## પ્રથમમાં પ્રથમ આત્માને જાણ

✿ શ્રોતા : પ્રથમ આચરણ કરવું ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોના આચરણ? શેમાં ઠરવું એની તો ખબર નથી! આચરણ એટલે અનુસરીને ઠરવું. વસ્તુ કોણ છે એની તો ખબર નથી તો કોને અનુસરીને ચરે–ઠરે? રાગને, વિકલ્પને, દેહની ક્રિયાને–કોને અનુસરે? વસ્તુની તો ખબર નથી, માટે, બધા શુભાશુભ વિકલ્પોને છોડીને—એમ નાસ્તિથી અહીં વાત ન લીધી, અહીં તો કહ્યું કે જ્ઞાનમૂર્તિ અતીન્દ્રિય આનંદ આદિ અનંતગુણના પિંડ એવા એક આત્માને પ્રથમમાં પ્રથમ જાણવો.

✿ તું કોણ છો? કેવો છો? એનું પૂર્ણ સ્વરૂપ કેમ છે? જેની પ્રાપ્તિ કરવી છે એવા પૂર્ણ દ્રવ્યનું સ્વરૂપ શું છે?—એમ આત્માના વાસ્તવિક પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં અંતર્મુખ થઈને, જ્ઞાનમાં તેને જ્ઞેય બનાવીને, તે આત્માને જાણવો—એ પહેલાંમાં પહેલું કર્તવ્ય છે.

✿ જેની શ્રદ્ધામાં એમ પહેલું છે કે બીજું આ કરવું ને આ કરવું ને આ કરવું—એને વાસ્તવિક આત્મા તરફની લાગણી નથી.

✿ જેને પહેલાં આમ હોય ને પહેલાં આમ હોય ને પહેલાં આમ હોય.....રાગની ઘણી મંદતા કરે ને કષાય ઘટાડે ને બાહ્ય દ્રવ્ય ઘટાડે તો થાય; એને આત્માની શ્રદ્ધા નથી, આત્મા કોણ છે એ જાણવાની દરકાર નથી. એની શ્રદ્ધામાં આ પહેલાં આવવું જોઈએ એને ઠેકાણે શ્રદ્ધામાં બીજું પહેલું આવે છે એને આત્માના અનુભવ તરફના વલણની સાચી શ્રદ્ધા પણ નથી; શું કહ્યું? પહેલો આત્મા, પહેલો આત્મા જાણવો, પહેલો આત્મા જાણવો, પહેલો આત્મા અનુભવવો–વેદવો એવું જેને બાહ્યશ્રદ્ધામાં નથી એ તો બાહ્યમાં આ પહેલું કરવું ને આ પહેલું કરું....આ પહેલું કરું એ કરતાં કરતાં થશે—એને તો આત્મા જાણવા તરફના પ્રયત્નની શ્રદ્ધાનો અનાદર છે.

✿ શ્રોતા : પહેલાં મંદ કષાય કરે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ મંદ-બંદ કષાય આત્મામાં છે જ નહીં ને! અહીં તો નિરપેક્ષ ભગવાન આત્માની વાત છે. આ તો મહા સિદ્ધાંત છે.

✿ એની શ્રદ્ધામાં તો એ હોવું જોઈએ કે આત્મા જ પહેલોવહેલો અનુભવવો,—ત્યાંથી એની શરૂઆત થાય છે.—એમ શ્રદ્ધા વિના એનું વલણ આત્મા તરફ જશે નહીં.

✿ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અને સંતોની આજ્ઞા આ છે, પ્રથમ આજ્ઞા આ છે કે અતીન્દ્રિય આનંદનો રસકંદ નિત્ય પડ્યો છે એનો જે અર્થી છે તેની શ્રદ્ધામાં અહીંથી શરૂઆત હોય કે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો; એને બદલે એની શ્રદ્ધામાં શરૂઆત બીજેથી–આચરણથી થાય એમ હોય એ વાત તત્ત્વની વિરુદ્ધ છે—એમ સર્વજ્ઞ કહે છે.

✿ આત્મામાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિ છે. તેથી એ કોઈ દિ' રાગને ગ્રહે, પકડે એવો એનામાં ગુણ નથી. પરને પકડે, ગ્રહે એવો તો ગુણ નથી પણ રાગને પકડે ને છોડે એવો કોઈ ગુણ નથી.

✿ આત્મા એવો છે કે જેના ગુણમાં રાગનું ગ્રહવું, મૂકવું નથી અને પરનું તો ગ્રહવું, મૂકવું છે જ નહીં—એવા આત્માને પહેલો જાણવો જોઈએ. એવી વાત જો એને શ્રદ્ધામાં ન બેસે તો એની પાત્રતા આત્મા તરફના અનુભવની છે નહીં.

✿ પ્રથમ આત્મા આવો છે ને પહેલો જ એને અનુભવવો એવી જે રાગમિશ્રિત શ્રદ્ધા તેના પણ જ્યાં હજી ઠેકાણા નથી ને પહેલું આ જોઈએ અને પહેલું આ જોઈએ—એને પહેલો ભગવાન ન રહ્યો!

✿ ભગવાન આત્માના સ્વરૂપમાં પરવસ્તુ છે જ નહીં પછી ઘટાડવું અને ઓછું કરવું એ છે જ ક્યાં? કષાયની મંદતા પહેલી કરવી!—પણ મંદતા અને એનો અભાવ એ પણ વસ્તુમાં છે જ નહીં—એવા ભગવાન આત્માને આત્માર્થીએ પ્રથમમાં પ્રથમ જાણવો.

✿ આટલા શાસ્ત્ર પહેલાં ભણવા, આટલી રાગની મંદતા પહેલાં કરવી કે દેવ-શાસ્ત્ર-ગુરુની આટલી સેવા કરવી, પહેલાં જાત્રા-બાત્રાથી હળવો થાય પછી આત્મા જણાય એવી વસ્તુમાં સ્થિતિ નથી. પોતે કોણ છે એ પ્રથમ જાણ્યા વિના તારું કાર્ય ક્યાંથી થશે?

✿ સર્વજ્ઞ કહે છે કે પહેલો આત્મા જાણો; તો કહે કે ના, ના, પહેલાં આ કરવું!—તો તેને સર્વજ્ઞની પણ શ્રદ્ધા નથી. શાસ્ત્ર એમ પોકાર કરે છે કે પહેલાં આત્માને જાણવો; તો કહે છે કે ના, ના, એમ નહીં, પહેલાં બીજું જાણવું; તો તેને શાસ્ત્રની પણ શ્રદ્ધા નથી. ગુરુ કહે કે પહેલાં આત્મા જાણો; તો કહે કે ના, ના, પહેલાં આમ

જાણો; તો એને ગુરુની પણ શ્રદ્ધા નથી. તેને દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા નથી.

✿ રાગનો અને સંયોગનો નિષેધ થાય છે તે શ્રદ્ધા–જ્ઞાનની પર્યાય છે કે નહીં! અને કલાક બે-ચાર કલાક આવી જ વાત ઘૂંટાય છે, રગડાય છે, વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં આ ને આ જ વાત આવ્યા કરે; ચોવીશે કલાક આ દેહના કામ તે મારા નહીં, રાગના કામ તે મારા નહીં એમ ઘૂંટાયા કરે છે—એ શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડ્યો! એ શું ક્રિયા નથી? એનું કાંઈ માહાત્મ્ય નથી? આ શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય સમ્યક્ થતું જાય છે તે ક્રમે કરીને ફડાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થઈ જશે.

✿ પંચમહાવ્રતનો રાગ વચ્ચે આવે છે પણ લપ લાગે છે. એને પણ મુનિ ઓળંગી જાય છે. એને અડતા નથી પણ એને ઓળંગી જાય છે.

✿ અરે ભગવાન! સાંભળને! અનંતકાળે તને માંડ આ વખત મળ્યો, એવા વખતમાં ઊંધે રસ્તે ચડીશ તો તું મરી જઈશ! પ્રથમમાં પ્રથમ આત્માને જાણ—આ વાત સાંભળતાં એને અંદરમાં રુચતી નથી અને બીજો કાંઈક માર્ગ ગોતે છે એ દેવ-શાસ્ત્ર-ગુરુનો અનાદર કરે છે.

✿ સંતો, શાસ્ત્રો ને સર્વજ્ઞો—ત્રણેનો આ પોકાર છે કે પહેલાં, પહેલાંમાં પહેલો પ્રથમ તું આત્માને જાણ. એને ઠેકાણે હજી એ વાત એને રુચિમાં આવતી નથી, ગમતી નથી અને કહે કે એમ નહીં, એમ નહીં, પહેલું આમ જોઈએ....પહેલું આમ જોઈએ....પુણ્ય કરતાં કરતાં પ્રાપ્તિ થાય, શુભ કરતાં કરતાં આ થાય—એ તો દેવ-શાસ્ત્ર-ગુરુનો અનાદર કરનાર છે.

✿ ઊલટી રીત પકડી છે ને માને છે કે અમે સવળી રીત પકડી છે. બીજા કહે છે તે—પ્રથમ આત્માને જાણ તે—ઊલટી રીત કહે છે એમ માને છે. અરે ભગવાન! દિગંબર સંતો કહે છે કે નિશ્ચય પહેલો હોય પછી વ્યવહારની વાત! પ્રથમ આ જાણે પછી રાગ બાકી રહ્યો તેને વ્યવહાર તરીકે જાણે. આદરવાની તો વાત પણ ક્યાં છે? પણ અરેરે! દરકાર ન મળે! અને પોતે જે માર્ગે ચાલ્યો એ માર્ગને શાસ્ત્રમાંથી ગોતીને સિદ્ધ કરવા મથે. પોતાની જે બાજુની માન્યતા અને જે બાજુની લાઈન, એ બાજુને શાસ્ત્રમાંથી શોધીને માને કે આ ઠેકાણે આ લખ્યું છે!....એ બધું લખ્યું ભલે હોય, પણ સાંભળ! પહેલાં આ વિના બીજી વાત ન હોય!

—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી

### દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક

## ગુરુ કહાન : ઉપકાર મહાન

✍ વ્યવહારનો લોપ રુચિમાં કર્યા વિના સમ્યક્ નહીં પ્રગટે લે! ૧.

✍ આત્મા ખરેખર પરને જોતો જ નથી. પરને જોવા માટે આત્મા આંધળો જ છે. સવારના મગજમાં આ વિચાર ઊઠ્યો હતો. પરને જોવાની એને ટેવ પડી ગઈ છે; ખરેખર પરને જોવા માટે આંધળો છે તેમ ન્યાલભાઈ (સોગાની) કહેતા હતા તે બરાબર છે. પરને જાણવું એમ કહેવું એ નયાભાસ છે. ખરેખર તો પોતાની પર્યાયને જ જાણે છે. ૨.

✍ સમજવા પહેલાં ત્યાગ કરવા માંડે છે તે મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. ૩.

✍ એની શ્રદ્ધામાં એમ હોવું જોઈએ કે પહેલાંમાં પહેલાં આત્માને અનુભવવો. અહીંથી જ એની શરૂઆત થાય છે એમ જેની શ્રદ્ધામાં નથી તેની શ્રદ્ધામાં વિરોધ છે. ૪.

✍ એક ન્યાયે બધું જ જ્ઞાન છે કારણ કે જ્ઞાનની ઊર્ધ્વતામાં જ બધું જણાય છે અને ખરેખર તો પોતાનો સ્વ-પરપ્રકાશકપર્યાય જ જણાઈ રહ્યો છે. પરંતુ સામે બીજો પદાર્થ નથી એમ નથી. ૫.

✍ સંતો–શાસ્ત્રો ને સર્વજ્ઞો એમ કહે છે, પોકાર કરે છે કે પહેલાંમાં પહેલો આત્માને જાણવો, અનુભવવો એ વાત જ જેને રુચતી નથી, બીજું કાંઈક કરવું કરવું એમ માને છે તે દેવ-શાસ્ત્ર-ગુરુનો અનાદર કરે છે. ૬.

✍ કોઈપણ જીવ ક્રોધાદિ કોઈ પણ વિષયની વાસનાકાળે પોતાની હયાતી વિના આ રાગાદિ છે એમ જાણી શકે જ નહિ; વાસનાને જાણવા કાળે પણ પોતાની વિદ્યમાનતામાં જ એ રાગાદિ જણાય છે. રાગને જાણતા પણ જ્ઞાન-જ્ઞાન એમ મુખ્યપણે જાણવા છતાં જ્ઞાન તે હું–એમ ન માનતા, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું–એમ પરમાં એકત્વબુદ્ધિને કારણે જાણે છે, માને છે. ૭.

✍ અંતરંગમાં માહાત્મ્ય આવ્યું નથી અને એના માહાત્મ્ય કહેનારા એને મળ્યા નથી. ૮.

✍ વિકારને છોડવાની આત્મામાં શક્તિ જ નથી, સ્વભાવને ગ્રહણ કરવાની જ આત્મામાં શક્તિ છે. ૯.

✍ બધા પડખાથી પાકું કરવું. બધાય પાયાથી સામાન્ય શક્તિ-સ્વભાવનો આદર થવો એ જ વીર્યને અંતરમુખ ઢળવાનો ઉપાય છે. ૧૦.

✍ પર્યાયમાં વેલું-મોડું થઈ શકે નહીં એમ નક્કી કરવા જાય ત્યાં ધ્રુવ ઉપર જ દૃષ્ટિ જાય. એ જ અનંત પુરુષાર્થ છે. આત્માની રુચિ થઈ એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલા-મોડાનો પ્રશ્ન જ ક્યાં છે? ૧૧.

✍ આ પુરુષાર્થ સુઝે તો સ્વચ્છન્દ થાય જ નહીં, એને યથાયોગ્ય શુભભાવ આવ્યા વિના રહે જ નહીં. એને એવા વિનયાદિ હોય કે બીજાને એવા હોય જ નહીં, ષટ્ આવશ્યક આદિનો શુભરાગ પણ તેને આવ્યા વિના રહે જ નહીં પણ એ જાણે છે કે મોક્ષનું કારણ તો અંતરમાં સ્થિર થવું એ જ છે. ૧૨.

✍ ઉત્પાદ-વ્યય વિનાના ધ્રુવ આત્મા વહ હી વાસ્તવિક આત્મા હૈ. એક સમયકા ધ્રુવ વહ હી સચ્ચા આત્મા હૈ, વાસ્તવિક આત્મા હૈ, એક સમયકી શુદ્ધ પર્યાય વહ વાસ્તવિક આત્મા નહીં, એટલે અવાસ્તવિક હુઆ, અવાસ્તવિક વહ હી પરદ્રવ્ય હુઆ, ઈસે પરભાવ કહા, હેય કહા! ૧૩.

✍ વિકલ્પાત્મક શ્રદ્ધા એટલે નિર્ણયમેં પરદ્રવ્યકા કિંચિત્‌માત્ર કર સકતા નહિ હૂઁ ઐસી શ્રદ્ધા સાધક હૈ, અનુભવ સાધ્ય હૈ—ઐસી શ્રદ્ધા હૈ તબતક સમ્યગ્દર્શન નહીં હૈ ઔર ઐસી શ્રદ્ધા ભી નહીં તબતક તો અનુભવકા અધિકાર હી નહીં ઔર પરકા કર સકતા નહીં—ઐસી શ્રદ્ધામેં મિથ્યાત્વ મંદ હૈ, અભાવ નહીં! ૧૪.

✍ પરાવલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે એટલે આત્માના મહિમાનું ખૂન થઈ જાય છે.

શ્રોતા : અમારામાં શું દોષો છે તેની અમને ખબર પડે?

પૂજ્ય ગુરુદેવશ્રી : દોષો જ ક્યાં છે? આત્મામાં દોષ જ નથી. ખરેખર તો આત્માનો અનુભવ કરે છે ત્યારે જ રાગાદિ દોષો યથાર્થપણે જણાય છે. ૧૫.

✍ સાક્ષાત્ ભગવાનની વાણી અને તે સાંભળવાથી થતો વિકાસ એ બધા જ્ઞેયો છે, તેમાં અજ્ઞાની આસક્ત થયો છે.

શ્રોતા : વાણી સાંભળી વિચાર કરે તો અંતરમાં આવી શકે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : ઈ વિચારમાં રોકાણો છે ઈ પરજ્ઞેયમાં આસક્ત થયો છે. પરમાં આસક્તિથી સ્વમાં આસક્તિ આવી શકે?

શ્રોતા : એને ગુરુનો બોધ નહીં લાગતો હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : અંતરમાં લાગતો નથી. ભગવાનો હુકમ છે કે તું તારા આત્મામાં જા—એ હુકમને માનતો નથી.

શ્રોતા : ઈ તત્ત્વની વિરાધના કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા; તત્ત્વની વિરાધના કરે છે. ભાઈ! આકરી વાત છે. આ ૧૧ અંગવાળો શુક્લ લેશ્યાવાળો ભગવાન પાસે ગયો પણ પોતાના ભગવાન પાસે ન ગયો તેથી જ્ઞેયોમાં આસક્ત છે. ૧૬.

✍ ભાઈ! આ તો બહુ પાત્ર પ્રાણી હોય, એને જ આ વાત બેસે છે. એના વાંચનમાં, શ્રવણમાં, કહેવામાં, સાંભળવામાં બધામાં એક જ વાત આવે, એક જ પક્ષ રહ્યા કરે, એનું જ જ્ઞાનમાં લક્ષ-પક્ષ-દક્ષ રહ્યા કરે, પછી અનુભવમાં આગળ વધે. એની રુચિમાં, વીર્યમાં એનું એ જ રહે. રાતના ઊંઘમાં–સ્વપ્નમાં પણ આ જ આવે, એનું જ ઘોલન જ્ઞાનમાં અને વીર્યમાં રહ્યા જ કરે. ૧૭.

✍ શ્રોતા : બચ્ચાકું તો દેવ-દર્શનાદિ વ્યવહાર સમજાના પડતા હૈ ન?

પૂજ્ય ગુરુદેવશ્રી : પહલે તુમ સમજો; દૂસરેકો સમજાનેકી બાત પીછે. યહાઁ તો અપનેકું સમજનેકી બાત હૈ, દૂસરેકા દૂસરા કરેગા, તુમ પહલે તુમ્હારા સમજો. યહાઁ તો પહલે અપનેકું સમજનેકી ખાસ બાત હૈ. ૧૮.

✍ દ્રવ્યલિંગીને અનાદિથી શું બાકી રહી ગયું છે?–કે ઊંડે ઊંડે વ્યવહારનયનો પક્ષ રહી ગયેલ છે. તે વાતમાં વિશેષ કહેતાં પૂજ્યશ્રીએ કહ્યું કે ખરેખર તો સ્વભાવનો ઉલ્લાસ અને ઉમંગ જ બાકી રહી ગયો છે. ૧૯.

✍ અંતરમાં ચૈતન્યપ્રભુ આખો પડ્યો છે તેમાં દૃષ્ટિ દેવાનો જે ઉમંગ એ જ વ્યવહારે લૂંટી લીધો. અંતરમાં દૃષ્ટિ દેવી એ ઠીક છે એ વાતમાં પણ પરસેવો ઉતરી જાય છે. ૨૦.

✍ .......આ તો કેવળી પાસેથી આવેલા સંસ્કારો છે, અમે તો પૂર્વભવના જૂના દિગંબર છીએ. ૨૧.

✍ શ્રોતા : વિકલ્પ વિનાનો આત્મા કેવી રીતે હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : ચારિત્રના વિકલ્પ ભલે ઊઠે પરંતુ વિકલ્પ વિનાની વસ્તુ છે, વસ્તુમાં રાગ છે જ નહીં—એમ પહેલાં શ્રદ્ધા તો કરે. વિકલ્પ વગરનો જ છું, વસ્તુમાં વિકલ્પો નથી જ-એમ શ્રદ્ધા કર્યા વિના ઠરશે શેમાં? ૨૨.

✍ જેને નિવૃત્તિની પ્રીતિ ખરેખર હોય તેને તો એમ જ થાય કે બાપુ! બધાય (પુત્રાદિ) નિવૃત્તિ કરો, નિવૃત્તિ કરો, નિવૃત્તિ કરો એમ જ થાય. જેને બીજાની નિવૃત્તિ ગોઠતી નથી, એ નિવૃત્ત હોય તોપણ એને નિવૃત્તિ ગોઠતી નથી. ૨૩.

✍ એકવાર નિઃશંક અને નિઃસંદેહ થઈને જો તો ખરો કે મોક્ષમાર્ગ કોના આધારે નભે છે? રાગ કે વિકલ્પના આધારે એ નભતો નથી. ૨૪.

✍ રાગકા નાશ કરનેકા આત્માકા સ્વભાવ હૈ ઐસા કહનેમેં આવે; પણ પરમાર્થથી ખરેખર તો આત્માકા રાગ નાશ કરનેકા સ્વભાવ હૈ હી નહીં. ઉત્પન્ન કરનેકા ભી સ્વભાવ નહીં તો રાગકા નાશ કરનેકા સ્વભાવ હૈ હી નહીં. સ્વભાવમેં વિભાવ હૈ હી નહીં તો નાશ કૈસે કરે? વ્યવહારસે કહનેમેં આતા હૈ, પણ ખરેખર તો નાશ કરનેકા સ્વભાવ હૈ હી નહીં. સ્વભાવમેં વ્યવહાર હૈ હી નહીં તો નાશ કૈસે કરે? ૨૫.

✍ આત્મામાં રાગ કે પરવસ્તુ છે જ નહીં. પછી ઘટાડવું કે ઓછું કરવું એ છે જ ક્યાં? આત્મામાં કષાય જ નથી તો પછી મંદ કષાય કરવો ઈ છે જ ક્યાં? પહેલાંમાં પહેલાં આત્માને અનુભવવો—એ જ શરૂઆત છે. ૨૬.

✍ કોઈ પાસે સાંભળવું ને સમજવું એમ નથી. પહેલાં બીજું કરવું એમ કહે છે તેને તો ભગવાનની કે ગુરુની કે શાસ્ત્રની પણ શ્રદ્ધા નથી. ગુરુ તો આમ કહે છે કે પહેલાં આત્માને અનુભવવો.—એમ ગુરુ કહે છે. ૨૭.

✍ આ વ્યવહારરત્નત્રયને વેદે ઈ આત્મા જ નથી. આત્મા દુઃખને વેદે? આત્મા તો આનંદને વેદે ઈ આત્મા છે. ૨૮.

✍ અરે! દૃષ્ટિના પથને નિર્મળ ન કરે અને આવો આત્મા ન તારવે ત્યાં સુધી એનું કલ્યાણ થાય તેમ નથી. ૨૯.

✍ .....આ તો ઉલ્લસીત વીર્યવાન થવું; મારે તો મારા આત્માનું કામ કરવું છે. બીજું થાય ન થાય તેનું તે જાણે. મારે તો મારું કામ કરવું છે. ૩૦.

✍ જેમ શરીરનો પર્યાય અને જ્ઞાયક ભિન્ન-ભિન્ન છે તેમ ખંડ-ખંડજ્ઞાન અને જ્ઞાયક તદ્દન ભિન્ન-ભિન્ન છે. ૩૧.

✍ આહાહા! એક સમયની પર્યાયમાં આખા પરમાત્માને ઉપાડવો એ કાંઈ સાધારણ વીર્ય નથી. ઘણી પાત્રતા છે. મોટી વાત છે. સાધારણને ન સમજાય. ૩૨.

✍ જિસને બહારકા ત્યાગકા કર્તા હુઆ માના ઉસને મૈં જ્ઞાનસ્વરૂપ હૂઁ ઈસકા ભી સાથમેં ત્યાગ કર દિયા. ૩૩.

✍ કપડા ઉતાર સકતા હૂઁ ઓ તો મિથ્યાદૃષ્ટિ હૈ હી, પણ રાગકો ઘટાડું....ઓ ભી મિથ્યાદૃષ્ટિ હૈ! રાગકા ત્યાગ કિયા એ તો નામમાત્ર આત્મામેં હૈ! ક્યુંકી રાગકા ત્યાગસ્વરૂપ આત્માકા સ્વભાવ હૈ. ૩૪.

✍ જૈસે જીવ-અજીવ ભિન્ન હૈ વૈસે જ્ઞાયક ઔર આસ્રવ ભિન્ન હૈ. ૩૫.

✍ પરસે ભિન્ન બતાનેકો પુણ્ય-પાપ આદિ જીવતત્ત્વ કહા તથા યહાઁ પર્યાયસે ભિન્ન બતાનેકો ધ્રુવસ્વભાવકો જીવતત્ત્વ કહા હૈ. સંસારની ગંધ આત્મામાં નથી. ખરેખર તો પર્યાયદૃષ્ટિને હેય કરવાની છે. ૩૬.

✍ દીવો ઘટપટને પ્રકાશે છે એમ નહીં, દીવો દીવાના પ્રકાશને–દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો દીવાને પ્રકાશે છે અને દીવો ઘટપટનું પ્રકાશવું જે છે એ પ્રકાશને પ્રકાશે છે. એમ આત્મા પણ પરને પ્રકાશતો નથી, એના સ્વ અને પરને જાણવાનો જે પ્રકાશ પોતાનો છે તે દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહીં. આહાહા! ભગવાન આત્મા પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નહીં, સ્વ અને પરને પ્રકાશતી દ્વિરૂપતાને પ્રકાશે છે–જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહીં, લોકાલોકને નહીં, આહાહા! ૩૭.

✍ આત્મા તો એકલો મૌનસ્વરૂપ જ છે. એ ક્યાં વાણીને કરે છે ને વિકલ્પનેય કરે છે. વિકલ્પને કરે છે એ તો જૂઠીનયનું કથન છે. આસ્રવતત્ત્વ આત્મામાં છે જ નહીં. આમ બોલ્યા ને આમ કહેવું ને આમ સમાધાન કરવું–આહાહા! વાણીને શું કરી શકાય છે? તે આમ બોલે ને કહે! ૩૮.

✍ પર્યાયકા કાર્ય તો પ્રગટ પ્રત્યક્ષ દીખતા હૈ ઉસકો ક્યા દેખના હૈ! સ્વભાવ અપ્રગટ હૈ ઉસકો દેખનેકા હૈ! ૩૯.

✍ કોઈ જીવને મારે નહીં, દયા પાળે પણ ખંડ-ખંડ જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન તો ઝેરરૂપ જ્ઞાન છે, દુઃખરૂપ જ્ઞાન છે. એ ખંડખંડરૂપ ઈન્દ્રિયજ્ઞાનથી પાછો વળી અતીન્દ્રિય જ્ઞાનરૂપ થઈને આત્માનો અનુભવ કરે એ જ્ઞાન છે. ૪૦.

✍ શરીર, વાણી, દયા, દાન, વ્યવહારરત્નત્રયના પરિણામ એટલે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામ અને પરલક્ષી જ્ઞાન એ બધા પુદ્‌ગલના પરિણામ છે. પુદ્‌ગલનું કાર્ય છે ને પુદ્‌ગલ એનો કર્તા છે, આત્મા એનો કર્તા નથી. ૪૧.

✍ જ્યાં સુધી પુણ્ય-પાપને મહત્તા દેશે ત્યાં સુધી આત્માની મહત્તા નહીં આવે. આત્માની મહત્તા આવ્યા વિના પુણ્ય-પાપની મહત્તા નહીં ટળે. ૪૨.

✍ પહલેમેં પહલે મેરેમેં શરીર-સંસાર-વિકલ્પ હૈ હી નહીં—ઐસે નિર્ણય કરકે અનુભવ કર લેના ચાહિએ. ૪૩.

✍ પહેલાં તો આ એક પક્ષનું સ્થાપન કરવું જોઈએ અને આનો જ પક્ષ કરવો જોઈએ. ૪૪.

✍ પહેલું સ્વજ્ઞાન ચૈતન્યમૂર્તિને જ્ઞેય કરીને કરો, બીજું બધું જ્ઞાન તેમાં આવી જાય છે. ૪૫.

✍ અહો! ભાવલિંગી સંતો આવે ત્યાં એની એક ચેષ્ટા અને એક ભાષા નીકળે ત્યાં તો ઓહો! આ તો ભાવલિંગી સંત! કેટલી શાંતિ હોય! શાંતિની ટંકશાળ છે એ તે કાંઈ અછતી રહે? જ્ઞાન છે ને! ફટ ખ્યાલમાં આવી જાય. અરે! જાતિસ્મરણમાં સામેં પૂર્વનું શરીર નથી, છતાં એકદમ અંદરથી જ્ઞાન આવે છે કે આ જ આત્માની સાથે મારે સંબંધ છે. જ્ઞાનની તાકાત જ એવી છે. ૪૬.

✍ વસ્તુસ્વરૂપ સમજીને અંતરમાં ઉતરવું એ જ એક ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. ૪૭.

✍ ભાઈ! આ શરીર તો માટીના માળિયા ઊભા થયા છે, એ નહીં રહે. આનંદ ને જ્ઞાન જ હું છું એવું ભાન નથી તે અસાધ્ય જ છે. એ દેહ સાથેની એકતામાં દેહ છૂટવા ટાણે ભીંસાઈ જશે. ૪૮.

✍ અપના સ્વરૂપકા ચિંતવન ક્યું નહીં ચલતા હૈ? સ્વભાવકા માહાત્મ્ય જ્ઞાનમેં આવે તો ચિંતવન ચલતા હૈ. ૪૯.

✍ ચૈતન્યમાંથી સ્ફૂરણા થઈને જ્ઞાન-દર્શન-ચારિત્ર આવે એ જ વ્યવહાર છે. બીજો વ્યવહાર કેવો? ૫૦.

✍ અપના જ્ઞાન-શ્રદ્ધા-વીર્યમેં માહાત્મ્ય લાકર અંતરમેં ઘુસના, મૈં હી તીર્થંકર હૂઁ, જિનવર હૂઁ—ઐસે અપને હી અંતરમેં ગાણા ગાના. ૫૧.

✍ મૈં હી તીર્થંકર હૂઁ, હોનેવાલા હૂઁ ઐસા નહીં, મેરેમેં જિનવરકા બીજડા પડા હૈ. ૫૨.

✍ પરમાત્માકા ઈતના ઉલ્લાસ–ઈતના ઉલ્લાસ કે જાણે પરમાત્માકો મિલનેકો હી જાતે હો. પરમાત્મા બૂલાતે હો કે આવો આવો, ચૈતન્યધામમાં આવો! ૫૩.

✍ આચાર્ય મુનિઓ દેહ અને આત્માની ભિન્નતા પ્રત્યક્ષ અનુભવે છે કે અરે! આવી દેહ અને આત્માની પ્રત્યક્ષ ભિન્નતાને કોણ નહીં અનુભવે? કોને નહીં જ્ઞાન થાય? થાય જ......થાય. એમ આચાર્યદેવ ભવ્યોને સંબોધે છે. ૫૪.

✍ પરમાર્થ વચનિકામાં એમ આવ્યું કે સ્વસત્તાવલંબી જ્ઞાન એ જ જ્ઞાન છે. પરસત્તાવલંબી જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. તે વાત ચાલતાં પૂજ્યશ્રીએ કહ્યું કે "ઘણાં વર્ષ પહેલાં ચાલતાં-ચાલતાં મગજમાં એમ આવેલ (શાસ્ત્ર તે જ્ઞાન નથી આદિની ગાથાઓ ચાલતી હતી ત્યારે) ખરેખર તો આ પરસત્તાવલંબી જ્ઞાન અચેતન છે. ૫૫.

✍ અરે ભાઈ! આ ભવ ચૈતન્ય હીરો મેળવવા માટે છે, જગતના હીરા મેળવવા માટે આ ભવ નથી. આ વાતની જે હા પાડે છે, હકાર આવે છે તે જીવોની નૈગમનયે શરૂઆત થઈ ગઈ છે. છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે છૂટો પડી ગયો કહી દીધું. ૫૬.

✍ જ્ઞાનીનો શુભરાગ મોક્ષનું કારણ છે તેમ લોકો કહે છે. અરે! જ્ઞાનીનો રાગ તો મોક્ષનું કારણ નથી પરંતુ જ્ઞાનીનું પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી લે! ૫૭.

✍ ચૈતન્ય એકલો જાણનાર જ છે, એને કાંઈ વળગાડ જ નથી, એ પરિપૂર્ણમાંથી ખસ્યો જ નથી. ૫૮.

✍ મવાળો (વાળ) ચીરવાની તો શું વાત? પણ આ તો પરમાણુને ચીરવાની વાત છે. પરમાણુએ શું! તેની અનંતી પર્યાયોને ચીરવાની વાત છે! એક પર્યાયને બીજી

પર્યાયની સહાય નથી. આત્માના અનંતા ગુણની પર્યાયમાં એક પર્યાયને બીજી પર્યાયની સહાય નથી. અહો! આ તો જૈન દર્શનના પેટ છે, સ્વતંત્રતાની મૂળ વાત છે. ૫૯.

✍ આ જે (દરિયા આડી ચાદરનું દૃષ્ટાંત) ઉપમા આપી છે તે તો સાધારણ છે, પરંતુ તેનાથી જે વસ્તુ બતાવવી છે તે તો અમાપ છે. ફકત એક સમય પૂરતી રાગની સાથેની એકતાની આડે આખો ભગવાન છુપાઈ રહ્યો છે. બસ આટલી જ વાત છે. ૬૦.

✍ હોંશથી હા તો પાડ, હા તો પાડ! હોંશથી હા પાડ કે રાગથી ને વ્યવહારથી ત્રણ કાળમાં અંદર નહીં જવાય. ભગવાન પાસે જા તોપણ અંદરમાં જવું પડે. ગમે તે આરો હોય પણ અંદરમાં ગયે લાભ થશે. બીજી કોઈ વાત જ નથી. ભગવાન પાસે સહેલું પડી જાય ઈ વાત જ નથી. ૬૧.

✍ અહો! તારામાં ભેગી વણાયેલી–પરિણમેલી પર્યાય તે પણ એકના લઈને બીજી નહીં તો બહારની તો વાત શું? રૌદ્રધ્યાનના પરિણામ છતાં સમ્યક્‌ને હાની કરી શકે નહિ! શુક્લ લેશ્યાના પરિણામ મિથ્યાત્વને જરાયે લાભકર્તા નથી! તેને મંદ કરતા નથી! ૬૨.

✍ એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી ભિન્ન હોવાથી બહાર લોટે છે. શરીરને આત્મા અડતો નથી, વીંછીનો ડંખ શરીરને અડતો નથી ને વીંછી કરડે ત્યાં રાડ નાખે! આહાહા! શરીર આત્માથી બહાર લોટે છે તે આત્માને શું કરી શકે! પગ છે તે જમીનને અડતો નથી ને તડકો હોય ત્યાં પગ ગરમ થઈ જાય! પાણીને અગ્નિ અડતી નથી ને અગ્નિ હોય ત્યાં પાણી ગરમ થાય! જીવને કર્મ અડતા નથી ને કર્મ હોય ત્યાં જીવને વિકાર થાય! આહાહા! એ દ્રવ્યનો પોતાનો ચમત્કારિક સ્વભાવ છે પણ ઉપાદાનને દેખતો નથી ને નિમિત્ત ઉપર દૃષ્ટિ પડી છે તેથી નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થવાનો ભ્રમ થઈ ગયો છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકતું નથી, બહાર જ લોટે છે, તે અન્ય દ્રવ્યનું કરે શું? એ સિદ્ધાંત અંદરમાં બેસે તો ભ્રમણા ભાંગી જાય ને દૃષ્ટિ સ્વસન્મુખ વળી જાય. ૬૩.

✍ તું એક ચૈતન્ય છો કે નહીં? છો; તો તારો સ્વભાવ જાણવું એ છે કે નહીં? એ જાણવું છે તો જાણવું સ્વપરપ્રકાશકપણે છે કે એકલા સ્વપણે જ છે? જ્યારે સ્વપરપ્રકાશકપણે જાણવું છે તો એ પરને પ્રકાશે છે કે પોતાને પ્રકાશે છે? સ્વપર-

પ્રકાશકપણું પોતાને પ્રકાશે છે. આહાહા! ચૈતન્ય પ્રભુ આત્મા એ દયા, દાન, રાગનો કર્તા તો નહીં પણ એનો જાણનાર પણ નહીં. આહાહા! ખરેખર તો એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. સ્વપરપ્રકાશક પોતાની શક્તિ છે એને વિસ્તારે છે, એ રાગાદિને વિસ્તારતો નથી. ચૈતન્યનો સ્વપરપ્રકાશક વિસ્તાર પોતાના જ્ઞાનને વિસ્તારે છે, પરવસ્તુને–જ્ઞેયને વિસ્તારતો નથી, આહાહા! ૬૪.

✍ ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત વસ્તુ એ પરમાં કાંઈ ફેરફાર કરે એ વાત તો છે જ નહીં પણ પરને જાણવું એમ કહેવું એ પણ વ્યવહાર છે. જે પર છે તે સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાની પોતામાં જ્ઞાનકલ્લોલપણે–તરંગપણે પરિણમી છે તેને જ્ઞાન જાણે છે. ૬૫.

✍ શ્રોતા : સમ્યગ્દર્શન કરવા માટે શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : સાચો નિર્ણય કરવો.

શ્રોતા : નિર્ણય ન થઈ શકે તો શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : નિર્ણય ન થઈ શકે તેમ હોય? બીજા (સંસારના) તો નિર્ણય કરે છે ને આ ન થઈ શકે તેમ હોય? ક્ષયોપશમ તો છે જ માટે નિર્ણય કરવો!

શ્રોતા : આ નિર્ણયની ટૂંકી વિધિ બતાવો ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ કોલેજ છોડીને અહીં નિર્ણય કરવા આવો......એની ધૂન લાગવી જોઈએ, ધૂન......કૂતરાને કાનમાં કીડા પડ્યા હોય ને પછી કેવી.....એમ આની ધૂન લાગવી જોઈએ. અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે ને કે કૂતુહલ તો કર! આત્મા આવડો મોટો એમ ગાણા ગવાય છે—પણ મને તો દેખાતો નથી તો છે શું? એમ એની ધૂન લાગવી જોઈએ. ૬૬.

✍ એક વાર પ્રસન્નચિત્તથી ચૈતન્ય લક્ષગત્ થયો એટલે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને અનુભવ ભલે હજુ નથી પણ મુક્તિનો પાત્ર જ છે. અવશ્ય અનુભવ કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. ૬૭.

✍ જ્ઞેય થવું તે ખરેખર તારો સ્વભાવ છે. પરને જ્ઞેય (કરવું) તો ખરેખર છે જ નહીં. જાણવાલાયક પણ તું! ને જાણનાર પણ તું! ને જાણનાર સ્વભાવ પણ તું! આ તો પરમેશ્વરની વાણી છે. ૬૮.

* * *

આ ભાવોને આત્મા સાથે પરિણમાવવા જેવા છે

# પરમાર્થે કોઈ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી

ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ-દિન નિમિત્તે અત્યંત સૂક્ષ્મ ન્યાયપૂર્ણ ભાવવાહી પ્રવચન આપતાં પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૪-૧૧-૧૯૪૫ના રોજ ફરમાવે છે કે :

ધ્યાનમાં રાખજો! આજનું ઘૂંટણ જુદી જ જાતનું આવે છે. આ ભાવોને વિચારીને તેનું ખૂબ ઘોલન કરવા જેવું છે. આજે વિષય સારો આવી ગયો છે. અંદરનું ઘૂંટણ બહાર આવે છે.

આજે તો અપૂર્વભાવો આવ્યા છે. આત્મામાં આ ભાવોને ઓગાળવા જેવા છે. આવી સરસ વાત કોઈ વખતે થઈ નથી. આજે તો કોઈ જુદી જ જાતથી ઘૂંટાણું છે. અલૌકિક અમૃત નીકળ્યું છે.

આ જે કોઈ શૈલીથી આવે છે તે ધ્યાન રાખજો.

'એક સમયમાં સિદ્ધ ભગવાન પરિપૂર્ણ છે' એમ જે જ્ઞાન નક્કી કરે છે તે જ્ઞાન એમ પ્રતીત કરે છે કે 'હું પણ એક સમયમાં સિદ્ધ સમાન પૂર્ણ સ્વરૂપી છું.'

સિદ્ધ ભગવાન ખરેખર પરને જાણતા નથી પણ પોતાની જ્ઞાનની અવસ્થામાં જાણવાની પૂર્ણ શકિત પ્રગટી ગઈ તે પોતાના જ્ઞાન-સામર્થ્યને જ જાણે છે. તેવી જ રીતે સિદ્ધ ભગવાનની પવિત્રતાના સામર્થ્યનો જેણે ખ્યાલ કર્યો તે જીવ પણ ખરેખર તો 'સિદ્ધભગવાનના અનંત સામર્થ્યને નક્કી કરનાર પોતાની નિર્મળ પર્યાયના સામર્થ્યને જ જાણે છે.'

સિદ્ધદશાને નક્કી કરનાર જીવ ખરી રીતે પોતાની પર્યાયના સામર્થ્યને જ જુએ છે. પરમાર્થે કોઈ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી.

આ અપૂર્વભાવો કહેવાય છે. આ ભાવોને આત્મા સાથે પરિણમાવવા જેવા છે. આત્માના ભાવ સાથે આ ભાવોને ગોઠવી દેવા.

'સિદ્ધને હું જાણું છું' એમ બોલાય છે પણ ખરેખર તો 'હું મારી પર્યાયને જાણું છું'—તેમાં તેઓ જણાઈ જાય છે—એવું મારું સામર્થ્ય છે!! આમ સ્વનું બહુમાન આવવું જોઈએ.

**દરેક જીવ જોકે પોતાની જ પર્યાયના સામર્થ્યને જાણે છે પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી તેથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે અને સ્વને ભૂલી જાય છે. પરંતુ 'હું મારા જ્ઞાન-સામર્થ્યને જાણું છું, પરને ખરેખર જાણતો નથી અને મારું જ્ઞાન-સામર્થ્ય તો પરિપૂર્ણ છે'—એમ સ્વનો મહિમા આવે તો કોઈ પરનો મહિમા આવે નહીં.**

(પૂજ્ય ગુરુદેવશ્રીનું અપૂર્વ ભાવવાહી અદ્ભુત પ્રવચન તા. ૪-૧૧-૧૯૪૫)

'શ્રી મહાવીરસ્વામી આજે નિર્વાણ પધાર્યા અર્થાત્ સિદ્ધ થયા અને શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ્યું. આ પ્રમાણે જ્ઞાનમાં લઈને જીવો નિર્વાણ-કલ્યાણક-મહોત્સવ ઊજવે છે.

શ્રી મહાવીર પ્રભુજી તો ૨૫૨૬ વર્ષ પહેલાં નિર્વાણદશાને પામ્યા હતા છતાં 'આજે જ પ્રભુજી નિર્વાણ પામ્યા' એમ શા માટે કહે છે?

ખરી રીતે કોઈ જીવ કેવળજ્ઞાનીને કે સિદ્ધ ભગવાનને જાણતા નથી પણ પોતાની પૂર્ણતાને જાણે છે, પોતાની પર્યાયનું સામર્થ્ય પણ તેવું જ છે તેને વર્તમાન કરીને જાણે છે. કેવળજ્ઞાન અને સિદ્ધદશાના સામર્થ્યને નક્કી કરનારું જ્ઞાન પોતે વર્તમાનરૂપ છે અને તે વર્તમાનથી જ જાણે છે, તેથી સામા જ્ઞેયને પણ વર્તમાનરૂપ કરીને જ જાણે છે. 'સિદ્ધ ભગવંતો ગયા કાળે થઈ ગયા' એમ નહિ પણ 'વર્તમાન જ જાણે છે' એમ, વચલા કાળને કાઢી નાખીને, જ્ઞેયરૂપ સિદ્ધ ભગવાનને પણ વર્તમાન જ કર્યા.

દ્રવ્ય અને ગુણ તો દરેક પર્યાય સાથે જ વર્તમાન અખંડ છે. મારા દ્રવ્ય-ગુણ અને તેની જાણવારૂપ પર્યાય એ ત્રણે વર્તમાનમાં જ રહે અને સામા જ્ઞેયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ખંડ પડી જાય એમ બને જ નહિ. પરંતુ જેમ અહીં જ્ઞાન વર્તમાનરૂપ જ છે તેમ સામે જ્ઞેય પણ વર્તમાનરૂપે જ છે. **જ્ઞાન આખા જ્ઞેયદ્રવ્યને વર્તમાન કરીને જાણે છે એટલે કે પર્યાયના ભૂત-ભવિષ્ય એવા ભેદને છોડીને, બધી પર્યાયોથી અભેદરૂપ આખું જ દ્રવ્ય વર્તમાન છે–એમ જ્ઞાન જાણે છે. 'ભૂતકાળમાં મહાવીર ભગવાન સિદ્ધ થયા' એમ જ્ઞાન જાણતું નથી પણ 'વર્તમાન જ સિદ્ધ થયા એમ જાણે છે, તેમાં જ્ઞાન અને જ્ઞેય બન્ને દ્રવ્યની અખંડતાને લક્ષમાં લીધેલ છે.** ભૂત કે ભવિષ્યની અવસ્થાથી જ્ઞાન જાણતું નથી પરંતુ વર્તમાન અવસ્થાથી જ જાણવાનું કામ કરે છે અને દ્રવ્ય-ગુણ તો વર્તમાનરૂપ જ છે.—એ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અખંડ

વસ્તુ વર્તમાનરૂપ છે અને જો સામી જ્ઞેયવસ્તુ આખી વર્તમાન ન હોય તો ઉપાદાન-નિમિત્ત (જ્ઞાન-જ્ઞેય)નો મેળ જ થતો નથી.

**ભૂત-ભવિષ્યકાળની પર્યાયો છે ખરી; તેની ના નથી, પરંતુ અહીં તો બીજો ન્યાય કહેવો છે. આ જે કોઈ શૈલીથી આવે છે તે ધ્યાન રાખજો! ખ્યાલ કરનાર વર્તમાનથી ખ્યાલ કરે છે કે ભૂત-ભવિષ્યની પર્યાયથી ખ્યાલ કરે છે? સામા જ્ઞેયનો ખ્યાલ તો વર્તમાનમાં જ કરે છે ને! જેમ અહીં જ્ઞાન વર્તમાન જ છે તેમ સામા જ્ઞેયમાં પણ ભૂત-ભવિષ્યને ભૂલી જા!** (ભૂત-ભવિષ્ય પર્યાયના ભેદને છોડીને સર્વ પર્યાયોથી અખંડરૂપ વસ્તુને વર્તમાન જ્ઞેયરૂપ કરીને જાણ!) અહીં ઉપાદાનમાં એક સમયમાં અખંડ જ્ઞાન-સામર્થ્ય છે અને સામે નિમિત્તરૂપ લોકાલોક પણ એક સમયમાં પૂરા છે. અહીં જ્ઞાન વર્તમાનરૂપ પૂરું હોય અને સામે જ્ઞેય વર્તમાનરૂપ પૂરાં ન હોય–એમ બને જ નહિ. "એક સમય તે સૌ સમય" (–શ્રીમદ્‌જી) એટલે શું? કે–એક સમયમાં જ વસ્તુ પૂરી છે, બીજા સમયની પૂર્ણતા બીજા સમયે છે અને ત્રીજા સમયની ત્રીજા સમયે છે, એમ દરેક સમયે વસ્તુ પૂરી છે; પણ ઘણા સમય ભેગા થયા પછી વસ્તુની પૂર્ણતા થાય છે–એમ નથી.

વર્તમાન જ્ઞાન વર્તમાન જ્ઞેયને અખંડ કરીને જાણે છે એટલે ખરેખર તો પોતે એક સમયમાં આખો વર્તમાન છે તેની કબૂલાત છે. શું જ્ઞેયવસ્તુનો કોઈ ભાગ ભૂત-ભવિષ્યમાં વર્તે છે કે વર્તમાન જ આખું છે?–વર્તમાન જ આખું છે. તેથી જ્ઞાનમાં આખું જ્ઞેય આવી જાય છે. કાળનું લંબાણ કરીને ભૂત-ભવિષ્ય પર્યાયના ભેદને લક્ષમાં લેવા તે વ્યવહાર છે. પરમાર્થથી ગુણ-પર્યાયો સહિત એક જ સમયમાં આખું દ્રવ્ય વર્તમાન છે. સમયે સમયે થતી પર્યાય તે અખંડ ગુણ-દ્રવ્યને એકેક સમયમાં વર્તમાનરૂપે ટકાવી રાખે છે. જેમ કોઈ વસ્તુની પર્યાયને જોતાં જ જ્ઞાનમાં અખંડને પ્રતીતમાં લઈને કહે છે કે–આખી વસ્તુ દેખાય છે.–એમ જેનું જેનું જ્ઞાન કરે છે તેને વર્તમાન આખું બનાવે છે, ભૂત-ભવિષ્ય બાકી રહી જતો નથી–આવો જ્ઞાનસ્વભાવ છે; તેથી 'શ્રી મહાવીર પ્રભુજી પૂર્વે સિદ્ધદશા પામ્યા' એમ ભૂતથી ખ્યાલ નહિ કરતાં, 'પ્રભુજી આજે જ સિદ્ધદશા પામ્યા' એમ વર્તમાન ખ્યાલ કરે છે.

અહો! સિદ્ધદશામાં આત્મા પરિપૂર્ણ જ્ઞાન-આનંદદશારૂપે પરિણમી ગયો. સિદ્ધદશામાં પણ આત્માનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું હોય છે. ત્યાં પરિપૂર્ણ જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ અવસ્થાપણે દરેક સમયે ઊપજે છે, જૂની અવસ્થાનો વ્યય થાય છે અને

સાદિ-અનંત સિદ્ધદશામાં આત્મા ધ્રુવપણે ટકી રહે છે. સિદ્ધ ભગવાન રાગાદિ વિકારરહિત અને શરીરાદિ સંયોગરહિત પૂર્ણ જ્ઞાન-સુખ વગેરે સ્વભાવરૂપે પરિણમે છે– એમ જે જીવે પોતાના જ્ઞાનમાં જાણ્યું તે જ્ઞાનમાં અનંત સામર્થ્ય છે. **'એક સમયમાં સિદ્ધ ભગવાન પૂર્ણ છે' એમ જે જ્ઞાન નક્કી કરે છે તે જ્ઞાન એમ પ્રતીત કરે છે કે 'હું પણ એક સમયમાં સિદ્ધ સમાન પૂર્ણ સ્વરૂપી છું.**

પુણ્ય-પાપથી રહિત અને જ્ઞાનાદિ અનંત ગુણોના પિંડરૂપ એકલો આત્મસ્વભાવ, તેની એક શુદ્ધપર્યાયના પરિપૂર્ણ સામર્થ્યને જેણે પ્રતીતમાં લીધું, તેણે વર્તમાન પર્યાયમાં ભગવાન તરફના વિકલ્પનો રાગ હોવા છતાં પોતાના જ્ઞાનને તેનાથી અધિક રાખીને (–જ્ઞાનને રાગથી જુદું પાડીને) પોતાની પર્યાયના અનંત સામર્થ્યનું જ્ઞાન કર્યું. 'આજે પ્રભાતે પ્રભુશ્રીનો આત્મા પરમ પવિત્ર મુક્તદશાને પામ્યો'–આવો ભગવાન તરફના લક્ષનો જે વિકલ્પ છે તે તો રાગ છે, પરંતુ સિદ્ધસ્વભાવની એક સમયની પર્યાયનું સામર્થ્ય પોતાના અસંખ્ય સમયના ઉપયોગવાળા પર્યાયમાં સ્વીકારનારું જીવનું જ્ઞાન અને તે જ્ઞાનના સામર્થ્યની એક સમયમાં પ્રતીત તે વિકલ્પથી અધિક થયા છે; જ્ઞાન અને પ્રતીતિરૂપ તે પર્યાયે સ્વભાવ તરફ એકતા કરી છે અને વિભાવથી અધિકતા (-ભિન્નતા) કરી છે.

તે અધિક થયેલા જ્ઞાને શરીરાદિ સર્વે પરદ્રવ્યોનો તો પોતામાં અભાવ જ બનાવ્યો છે અર્થાત્ એ કોઈ પરવસ્તુને તો પોતાનું સ્વરૂપ માનતું જ નથી અને સ્વભાવના જોરે વિકારને તુચ્છ બનાવ્યા છે અર્થાત્ અસ્થિરતામાં વિકલ્પ થાય છતાં 'આ મને લાભદાયક છે જ નહિ' એવી પ્રતીતથી તે તરફનું જોર તોડી નાખ્યું છે.–આ રીતે પરથી છૂટું અને વિકારથી અધિક થયેલું જેનું જ્ઞાન છે એવો જીવ અલ્પકાળમાં વિકારનો સંબંધ સર્વથા તોડીને સિદ્ધ થાય છે; એમાં ફેર પડે જ નહીં. પોતાના જ્ઞાન-સામર્થ્યના જોરે વિકલ્પથી અધિક થઈને જે જ્ઞાન આગળ વધ્યું તે વિકલ્પ તોડીને સિદ્ધ થઈ જ જાય. વિકલ્પ અને રાગનો દૃષ્ટિમાં તો પહેલેથી અભાવ છે જ, પણ અસ્થિરતામાં ય વિકારને તુચ્છ કર્યો. વિકારનો વસ્તુમાં અભાવ અને અવસ્થામાં તુચ્છતા જેને પહેલેથી છે તે જ જીવ સ્થિરતા દ્વારા અવસ્થામાં પણ વિકારનો અભાવ કરીને સિદ્ધ થઈ જાય છે. જેના જ્ઞાનમાં સિદ્ધ ભગવાનના અનંત જ્ઞાન-સામર્થ્યની કબૂલાત આવી તેને આત્મસ્વભાવની કબૂલાત આવી છે અને જેને આત્મસ્વભાવની કબૂલાત આવી છે તેને પોતાના સિદ્ધદશાની પણ કબૂલાત આવી છે. કહ્યું છે કે "જીવ તે જિનવર ને જિનવર તે જીવ."

**આત્માનો સ્વભાવ જાણવારૂપ છે. જેમ છે તેમ આત્મા જાણે. જાણનાર છે તે બધાને જાણે છે. ચૈતન્યચોપડામાં 'ન જાણવું' એવું ચિહ્ન જ નથી. 'એકલું જાણવું' તેમાં વિકલ્પ ક્યાં રહ્યો? જાણવામાં વિકલ્પ કરીને અટકવાનું ચૈતન્યનું સ્વરૂપ નથી. આમ વિકલ્પને તુચ્છ કરીને પોતાના જ્ઞાન-સામર્થ્યને જેણે અધિક કર્યું તેણે સિદ્ધદશાના પૂરા સામર્થ્યનો ખ્યાલ કર્યો.**

**સિદ્ધ ભગવાન ખરેખર પરને જાણતા નથી પણ પોતાના જ્ઞાનની અવસ્થામાં જાણવાની પૂર્ણ શક્તિ પ્રગટી ગઈ તે પોતાના જ્ઞાન-સામર્થ્યને જ જાણે છે. તેવી જ રીતે સિદ્ધ ભગવાનની પવિત્રતાના સામર્થ્યનો જેણે ખ્યાલ કર્યો છે તે જીવ ખરેખર તો 'સિદ્ધ ભગવાનના અનંત સામર્થ્યને નક્કી કરનાર' પોતાની નિર્મળ પર્યાયના સામર્થ્યને જ જાણે છે.** પોતાની નિર્મળદશાને વર્તમાનરૂપ કરીને જાણતાં સામે નિમિત્તરૂપ જ્ઞેય તરીકે અનંત સિદ્ધ ભગવંતો અને તીર્થંકર ભગવંતોને તેમજ સંતો–મુનિઓને વર્તમાનરૂપ હાજર કરીને જાણે છે. સામું જ્ઞેય વર્તમાન થયા વગર વર્તમાન જ્ઞાનપર્યાય તેને જાણે શી રીતે?

જુઓ તો ખરા! આ નિર્વાણ–કલ્યાણકનો મહિમા! "ભગવાન મહાવીર વગેરે ભૂતકાળમાં સિદ્ધ થયા' એમ હું નથી જાણતો પણ 'વર્તમાન જ થયા' એમ જાણું છું એટલે કે 'જાણે અત્યારે જ સાક્ષાત્ પોતાની સન્મુખપણે જ તેઓશ્રી સિદ્ધ થતાં હોય' એવી શૈલીથી કથન કર્યું છે. 'પ્રભુશ્રી આજ મોક્ષ પધાર્યા' એવા વિકલ્પમાં જોકે પરસન્મુખ વલણ છે પરંતુ જો તે વલણને તોડીને જ્ઞાન-સામર્થ્ય આગળ વધતું જાય તો જ તે જ્ઞાને સિદ્ધપર્યાયને જોઈ છે અને પ્રતીતમાં લીધી છે. **સિદ્ધદશાને નક્કી કરનાર જીવ ખરી રીતે પોતાની પર્યાયના સામર્થ્યને જ જુએ છે.** 'સિદ્ધનો આત્મા પરિપૂર્ણ શુદ્ધ શક્તિપણે ઉત્પાદ અને વ્યયથી નિત્ય ટકી રહ્યો છે' તેનો નિર્ણય કરનાર કોણ છે? જો સૂક્ષ્મતાથી જોઈએ તો જેણે સિદ્ધનો નિર્ણય કર્યો છે તેણે પોતાની સિદ્ધદશાનો જ નિર્ણય કર્યો છે અને તે સિદ્ધ થવાનો જ....

આ 'પ્રવચનસાર' શાસ્ત્રની શરૂઆતમાં શ્રી કુંદકુંદ ભગવાન માંગલિકરૂપે નમસ્કાર કરતાં કહે છે કે–"તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને; વંદુ વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને." જેઓને પોતે નમસ્કાર કરે છે તેઓને વર્તમાનપણે હાજરી કરીને નમસ્કાર કરે છે. આચાર્ય પ્રભુ કહે છે કે–"આ મારી મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન પરમ નિર્ગ્રન્થતાની દીક્ષાનો મહોત્સવ છે, તે સ્વયંવર–મંડપમાં અનંત સિદ્ધો–અરિહંતો–

આચાર્યો આદિ પંચ પરમેષ્ઠીને વર્તમાનરૂપ કરું છું એટલે કે અધૂરી અને પૂરીદશા વચ્ચેનું અંતર કાઢી નાખીને હું તેમને પ્રણમું છું. અહા! કેટલું અપૂર્વ જોર છે. જાણે કે પંચ પરમેષ્ઠી ભગવંતો સામે સાક્ષાત્ બિરાજે છે અને પોતે તેમની હાજરીમાં મોક્ષદશાને પામે છે–એવા ભાવો ઉતાર્યા છે.

'પૂર્વે થઈ ગયા તે સર્વને વર્તમાન હાજર કરું છું.' એમાં ખરેખર તો પર્યાય અને દ્રવ્ય વચ્ચેનો આંતરો કાઢી નાખીને સામાન્ય-વિશેષને એક કર્યા છે.–એમાં સ્વભાવદૃષ્ટિનું જોર છે. 'ભૂતમાં થયા તે સિદ્ધોને વર્તમાન કરું છું' એમાં પણ ખરેખર પરના સામર્થ્યને જાણતા નથી પણ પોતાની પર્યાયના પૂર્ણ સામર્થ્યને વર્તમાનરૂપ કરીને પ્રતીતમાં લ્યે છે.

શ્રી મહાવીર ભગવંતને તદ્દન શુદ્ધદશા (મુક્તિ) ક્યાંય બહારમાં થઈ ન હતી. પરંતુ આત્મામાં જ થઈ હતી 'પાવાપુરીમાં ભગવાન નિર્વાણ પામ્યા અને ઊર્ધ્વશ્રેણિ કરી મોક્ષમાં ગયા' એ તો બહારનું વ્યવહારકથન છે; 'ઊંચા ક્ષેત્રે ગયા પછી આત્માની મુક્તિ થઈ' એમ નથી, પરંતુ આત્મા પોતે જ મુક્તદશાસ્વરૂપ થઈ ગયો છે.

અહીં આત્માની સિદ્ધદશાના સામર્થ્યનો મહિમા થાય છે; પરંતુ તે દશાના સામર્થ્યને કોણ કબૂલે છે? કોણ તેની પ્રતીત કરે છે? પુણ્ય-પાપરહિત, ક્રમરહિત, એકેક સમયમાં જે આત્માએ, પ્રતીતિ અને મહિમા કર્યો, તે આત્મા પોતાના નિર્મળ સ્વભાવ–જ્ઞાન સિવાય કોનો આદર કરશે? કોને માનશે? જો પોતાના સિદ્ધ સમાન સ્વભાવ–સામર્થ્યનો વિશ્વાસ કરે તો જ તેને સિદ્ધ ભગવાનને જોતા આવડ્યું છે. સિદ્ધ ભગવાનને જોનાર અને તેનો મહિમા કરનાર ખરેખર પોતાની—સિદ્ધ ભગવાનના સામર્થ્યને જાણવારૂપ—પર્યાયના સામર્થ્યને જ જુએ છે અને તેનો જ મહિમા કરે છે.

**પરમાર્થે કોઈ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી.**

**ધ્યાન રાખજો! આજનું ઘૂંટણ જુદી જ જાતનું આવે છે. આ ભાવોને વિચારીને તેનું ખૂબ ઘોલન કરવા જેવું છે. આજે વિષય સારો આવી ગયો છે. અંદરનું ઘૂંટણ બહાર આવે છે. આ દિવાળીના માંગલિક ગવાય છે.**

સ્વકાળને (–પોતાની અવસ્થાને) સ્વભાવ તરફ વાળવો તે જ સાચી 'દિ-વાળી' છે. 'દિ'=દિવસ-કાળ; તેને પોતાના સ્વભાવ-સન્મુખ વાળે ત્યારે સાચી દિવાળી કહેવાય એટલે કે પોતાની અવસ્થાને સ્વભાવ-સન્મુખ વાળે ત્યારે સાચી દિવાળી કહેવાય એટલે

કે પોતાની અવસ્થાને સ્વભાવ તરફ વાળીને કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટ્યું તે જ મહા મહોત્સવ છે.

ભગવાનશ્રી મોક્ષ પધાર્યાં, તેમાં આ આત્માને શું? તેમજ દેવોએ રત્ન–દીપકો વગેરેથી મોટા મહોત્સવ કર્યાં, તેમાં પણ આ આત્માને શું? પરના કારણે આ આત્માને લાભ નથી; પરંતુ સિદ્ધ ભગવાનના સામર્થ્યને પ્રતીતમાં લઈને જેણે તેનો જ અંતરથી મહિમા કર્યો તે 'સિદ્ધનો લઘુનંદન' થઈ ગયો, તે અલ્પકાળમાં સિદ્ધ થાય જ.

જેણે પોતાના જ્ઞાનમાં સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો તેને સિદ્ધદશાના નિર્ણય અને તે-રૂપ સ્થિરતા વચ્ચે (–શ્રદ્ધા અને ચારિત્ર વચ્ચે) ભલે આંતરો તો પડે છે; અને તે આંતરાને એકદમ સ્વભાવ-સન્મુખ થતું જ્ઞાન કબૂલ પણ કરે છે; પરંતુ પોતે જે નિર્ણય કર્યો છે તે નિર્ણય 'કબૂલાત' અને 'સ્થિરતા' એવા બે અવસ્થા-ભેદને ભૂલીને વર્તમાન પૂર્ણ દ્રવ્યને જ પ્રતીતમાં લે છે. દ્રવ્યસ્વભાવની કબૂલાતનો નિર્ણય તે બે દશા વચ્ચેના અંતરને–ઊણપને સ્વીકારતો નથી, 'ભવિષ્યમાં સિદ્ધપર્યાય પ્રગટ થશે' એમ ભૂત-ભવિષ્યને યાદ કરતો નથી પણ દૃષ્ટિના જોરથી પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરીને (ભૂત-ભવિષ્યની પર્યાયને દ્રવ્યમાં વર્તમાન સમાવીને) સિદ્ધદશાને વર્તમાનરૂપ જ કરે છે.

**'આ' અપૂર્વ ભાવો કહેવાય છે. 'આ' ભાવોને આત્મા સાથે પરિણમાવવા જેવા છે. આત્માના ભાવ સાથે 'આ' ભાવોને ગોઠવી દેવા.**

જેને સિદ્ધ ભગવાનની ભવિષ્યકાળની પર્યાયના સામર્થ્યની કબૂલાત આવી તેને સ્વપર્યાયના સ્વસન્મુખપણા વડે વિકલ્પ તૂટ્યા વગર રહે નહિ.

મહોત્સવ કરતાં પ્રથમ સ્વભાવનો મહિમા આવવો જોઈએ. સ્વભાવને ભૂલીને એકલો બહારનો મહિમા કરે તે આત્માને લાભનું કારણ નથી પણ સ્વભાવના મહિમા સહિત બહારમાં પણ મહોત્સવ ઊજવે એમાં તો ઉપાદાન–નિમિત્તનો મેળ છે. પોતાના સ્વભાવનો મહિમા કરે ત્યાં બહારમાં પણ ભગવાનના નિર્વાણ-કલ્યાણક-મહોત્સવ વગેરે નિમિત્તો હોય છે. એક પોતાના સિદ્ધસ્વભાવને કબૂલતાં અનંત સિદ્ધોની કબૂલાત તેમાં આવી ગઈ છે; આ સામર્થ્ય જ્ઞાનની કળાનું છે, બહારના ઠાઠ-માઠનું નથી.

લાખો કરોડો મનુષ્યો આજના દિવસનો મહિમા કરે છે અને 'અહો! આજ પ્રભુજી મુક્ત થયા' એમ ઘણાને પરનો મહિમા આવે છે; પરંતુ તે સર્વેને જાણનાર એવા પોતાના જ્ઞાન-સામર્થ્યનું માહાત્મ્ય આવતું નથી!! (જોકે) પોતાનું જ્ઞાન-સામર્થ્ય

પોતાના ખ્યાલમાં તો આવે છે પરંતુ અંતરમાં પોતે તેનો વિશ્વાસ કે રુચિ કરતો નથી. પરિણતિને સ્વસામર્થ્ય તરફ વાળતો નથી પણ પરનો મહિમા કરવામાં અટકે છે, તેથી જ કેવળજ્ઞાનદશા પ્રગટતી નથી.

ખરી રીતે દરેક વખતે જ્ઞાનની જ ક્રિયા થાય છે. જ્યાં જ્યાં મન, વચન, કાયની ક્રિયા થાય છે ત્યાં ત્યાં સર્વત્ર જ્ઞાનની ક્રિયા થાય છે. મન, વચન, કાયા તો જડ છે. ભગવાન પ્રત્યે મનથી વિકલ્પ, વચનથી સ્તુતિ કે શરીરથી વંદન થાય છે તેમાં ક્યા ટાણે જ્ઞાનનું કાર્ય નથી? ક્યા આત્મપ્રદેશે જ્ઞાનનું કાર્ય નથી? દરેક વખતે જ્ઞાન તો સર્વાત્મપ્રદેશે પોતાનું જ કાર્ય કરે છે. જ્ઞાન સર્વ વ્યાપક છે, વિકલ્પ વખતે પણ તેનાથી જુદું રહીને તે પોતાનું કાર્ય કરે છે. **ભગવાન તરફના લક્ષ વખતે જ્ઞાન ખરેખર તો ભગવાનને જાણતું નથી પણ ભગવાનનો નિર્ણય કરનાર જે જ્ઞાન-સામર્થ્ય છે તે જ્ઞાનસામર્થ્યને જ પોતે જાણે છે. જે જ્ઞાનના ખ્યાલમાં ભગવાનનું સામર્થ્ય આવ્યું તે જ્ઞાનના સામર્થ્યનું જેને માહાત્મ્ય ન આવે તે અંતર્સન્મુખતા કરીને ભગવાન શી રીતે થાય? સ્વરૂપસન્મુખ થઈને જુએ તો દરેક વખતે પોતાના જ્ઞાનનું જ પોતે માહાત્મ્ય કરે છે, ક્યારેય પરનું માહાત્મ્ય કરતો નથી.** પોતાના જ્ઞાનમાં સિદ્ધપર્યાયની પ્રતીત કરીને તેને જ જે ધન્ય માને તે બીજા કોઈને પણ ધન્ય કેમ માને? જેણે સિદ્ધદશા અને કેવળજ્ઞાનને ધન્ય માન્યતા તે ઈન્દ્રની સામગ્રીને, રત્નના દીપકોને, પુણ્યના વિકલ્પ વગેરે કોઈને પણ ધન્ય માને નહિ.

પૂર્ણાનંદી સ્વરૂપ પ્રસન્ન થઈને કેવળજ્ઞાન પ્રગટે તે ધન્ય છે! પુણ્યથી સ્વભાવની મોટપ નથી. શું ધર્મનું ફળ પુણ્ય હોય? જેમ છ ખંડનો ધણી ચક્રવર્તી રાજા રીઝે અને પ્રસન્ન થઈને કહે કે : મારા સરખું કોઈ કામ બતાવ. માગ, જેટલું જોઈએ તેટલું માગ. તું જે માગ તે હું આપવા સમર્થ છું. માટે, મારી પાસેથી માગવું હોય તે માગ! આમ ચક્રવર્તી રાજા પ્રસન્ન થાય અને માગવાનું કહે ત્યારે તેને કે : આ મારા આંગણાનું વાસીદું કાઢી નાખ!–એ તો કાંઈ માગ્યું કહેવાય? અરે ભાઈ! તેં શું માગ્યું? વાસીદા કાઢવાના કામ તે શું ચક્રવર્તી રાજા પાસેથી લેવાતા હશે? તેમ અહીં આખો આત્મસ્વભાવ પ્રસન્ન થાય છે; કોને પ્રસન્ન થાય છે? જે જીવે સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો અને પોતાના તેવા પરિપૂર્ણ સ્વભાવનો નિર્ણય કર્યો તે જીવને સ્વભાવ પ્રસન્ન થાય છે. જ્યાં સ્વભાવને નિર્ણયમાં લીધો ત્યાં પૂર્ણ સ્વભાવ પ્રસન્ન થઈને કહે છે કે : માગ! માગ! જે દશા જોઈએ તે આપવા તૈયાર છું. તારાથી થવાય

તેટલો થા. જેટલી હદે થવું હોય તેટલી હદે થા. પૂરું સિદ્ધપદ માગ. હું આ જ ક્ષણે તને દઉં!... આ રીતે, જે પર્યાયરૂપે પોતે થવા માગે તે પર્યાય સ્વભાવમાંથી પ્રગટી શકે છે. જ્યાં આખો સ્વભાવ રીઝ્યો છે ત્યાં કેવળજ્ઞાન અને સિદ્ધપદરૂપે થવાને બદલે એમ જે કહે છે કે : મારે તો પુણ્યરૂપે થવું છે! અરેરે! તને માગતા જ નથી આવડ્યું. 'ચક્રવર્તીને વાસીદાનું કહે' તેમ પૂર્ણ સ્વભાવને જેણે નથી જાણ્યો તે પુણ્યની માગણી કરે છે. પૂર્ણ સ્વભાવમાં તો એક સમયમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદપણે થવાની તાકાત છે; તારાથી થવાય તેટલો થા! 'પુણ્યપણે થવું છે' એમ ન માગ! સિદ્ધપણે થવાની તાકાત છે; તારાથી થવાય તેટલો થા! 'પુણ્યપણે થવું છે' એમ ન માગ! સિદ્ધપણે થવાની ભાવના કર! અને જેટલો થઈ શકે તેટલો થા! અસ્થિરતા રહી જાય તેને જાણ; પણ તે–રૂપે થવાની ભાવના ન કર!

પર્યાયનું સામર્થ્ય બેહદ છે તે અહીં બતાવવું છે. દ્રવ્ય-ગુણ તો પૂરા છે જ; પરંતુ તેની પૂર્ણતાને સ્વીકારનાર કોણ છે? દ્રવ્ય-ગુણ પૂરા અને વર્તમાન પર્યાય પણ પૂરી છે; તે પર્યાયનું જે અનંત સામર્થ્ય છે તે સામર્થ્યને તો જ્ઞાનની પર્યાય જ જાણે છે. જો કે જાણનાર જ્ઞાનનો ઉપયોગ તો અસંખ્ય સમયનો છે પરંતુ 'અસંખ્ય સમયમાં પૂરું સામર્થ્ય છે' એમ તે નથી જાણતું, પણ 'એકેક સમયની અવસ્થામાં પૂરેપૂરું સામર્થ્ય છે' એમ તે જાણે છે, અને તેની એક સમયમાં પ્રતીતિ કરે છે. પૂર્ણને જ્ઞાનમાં લેતાં અસંખ્ય સમય લાગે છે પરંતુ તેની પ્રતીત તો એક જ સમયમાં છે.

ભગવાનને પૂર્ણદશા પ્રગટ થઈ તે પૂર્ણદશામાં પૂરેપૂરું જ્ઞાન અને આનંદ-સામર્થ્ય એક સમયમાં છે—આમ જે પર્યાયે કબૂલ્યું તેનું પણ અનંત માહાત્મ્ય છે, તો પછી દ્રવ્ય-ગુણના તો શું માહાત્મ્ય કરવા!! જે જીવે પોતાની પર્યાયમાં સિદ્ધની કબૂલાત કરી તેણે સૂક્ષ્મતાથી તો પોતાના આત્મા સાથે સિદ્ધદશાની એકતા કરી છે, તેનામાં અને શ્રી મહાવીરમાં ક્યાંય આંતરો રહે નહિ.

કોણ આ વાતની હા પાડે છે? કોનું જ્ઞાન આ સ્વીકાર કરે છે? આ વાતને પ્રતીતમાં લેનાર કોણ છે? જેને પોતાના સત્‌માં આ વાત બેઠી તેને પરની ઓશિયાળી રહેતી નથી. અહો! ભવરહિત થઈ ગયેલા ભગવાનને જેણે પોતાના નિર્ણયમાં બેસાડ્યા તેને ભવરહિત ભાવનો કેટલો પોરહ અને કેટલો ઉત્સાહ! એને તેને હવે ભવ હોય? જો સિદ્ધ ભગવાનને ભવ હોય તો એને (–ભવરહિત ભગવાનને જેણે

કબૂલ્યા તેને) ભવ હોય એટલે કે તેને ભવ હોય જ નહિ. સિદ્ધદશાને વાર લાગે' એ પાલવે તેમ નથી. પોતાની પર્યાયમાં સિદ્ધને સમાડ્યા અને હવે પોતાની સિદ્ધદશાને વાર લાગે એ કેમ ચાલે? ભાણા તૈયાર કર્યા, ભાણે જમવા બેસાડ્યા અને હવે ખાલી ભાણા ખડખડ ખખડે અર્થાત્ પીરસતાં વાર લાગે તે પાલવે નહિ; તેમ પોતાની પર્યાયમાં સિદ્ધ ભગવાનને સ્વીકાર્યા, પોતાની પર્યાયરૂપી ભાણું તૈયાર કર્યું અને હવે સિદ્ધદશારૂપી પકવાન પીરસાતાં વાર લાગે તે પાલવતું નથી. અહો! જુઓ તો ખરા! આમાં તો નિર્ણય અને કેવળજ્ઞાન વચ્ચેના આંતરાને તોડી નાખે એટલું જોર છે.

જેના જ્ઞાનમાં કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય જણાયું અને તેનો જ મહિમા થયો તેને નિર્ણયરૂપે કેવળજ્ઞાન પ્રગટી ગયું છે. કેવળજ્ઞાન ફરે તો તેનો નિર્ણય ફરે! ભલે હજી વર્તમાન ઉઘાડ કેવળજ્ઞાન જેટલો નથી છતાં પણ વર્તમાન નિર્ણયમાં તો આખુંય કેવળજ્ઞાન આવી ગયું છે. "વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છા દશાએ કેવળજ્ઞાન થયું છે" (-શ્રીમદ્‌જી)–એમ જ્યાં કહ્યું છે ત્યાં આ જ આશય છે. કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તેનું કેવળજ્ઞાન પાછું ફરે જ નહિ—એવી અપ્રતિહતભાવની જ વાત છે. 'આ' તો પોતાના જ અંદરના ભાવો ઘોળાયા છે; પરનો કોઈ મહિમા કરતું નથી, સૌ પોતાના જ ભાવોને ઘોળી રહ્યા છે.

'સુખી કેમ થવાય' તેની આ વાત ચાલે છે. જેઓ સિદ્ધ થઈ ગયા છે તેમને માટે આ વાત નથી પરંતુ, જેઓ સિદ્ધ થવાના છે તેમને સિદ્ધ થવા માટેની આ વાત છે. સિદ્ધદશામાં ભગવાનને અગુરુલઘુગુણના કારણે જ ઉત્પાદ-વ્યય થાય છે, તેમને તો દરેક સમયે પૂર્ણ આનંદ છે; છતાં પર્યાય તો બદલ્યા જ કરે છે એટલે કે પહેલી પર્યાયનો જે આનંદ છે તે જ આનંદ બીજી પર્યાયમાં નથી પરંતુ તેના જેવો જ બીજી પર્યાયનો બીજો આનંદ છે. આ રીતે, સિદ્ધદશામાં આનંદની જાત બદલાતી નથી પરંતુ કાળ બદલી જાય છે.

અહીં કોઈને એમ થાય કે સિદ્ધ ભગવાનનો આનંદ છે તેમાં આ આત્માને શું? તેને કહે છે કે ભાઈ! સિદ્ધને આનંદ છે એમ નક્કી કોણ કરે છે? નક્કી કરનાર પોતે છે કે બીજો? નક્કી કરનારે પોતાના જ્ઞાનનો જ મહિમા કર્યો છે અને તેમાં સિદ્ધ અને કેવળજ્ઞાની એ તો બધાય નિમિત્ત તરીકે આવ્યા છે.

કોના જ્ઞાનમાં આ વાત સમજાય છે? આ વાત કોનું જ્ઞાન કબૂલે છે?

ભગવાનનું જ્ઞાન કબૂલે છે કે પોતાનું જ્ઞાન કબૂલે છે? પોતાનું જ જ્ઞાન કબૂલે છે. પુણ્ય-પાપના ભાવમાં અટકનારું જ્ઞાન આ કબૂલતું નથી, પરંતુ પુણ્ય-પાપરહિત સિદ્ધદશા તરફ વળેલું જ્ઞાન આ કબૂલે છે. અરૂપી ચૈતન્ય આત્મતેજના માહાત્મ્ય પાસે જગતમાં કોઈનું માહાત્મ્ય નથી. આત્માનું ચૈતન્ય-તેજ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે તો ચાર ક્ષાયોપશમિક જ્ઞાનોનું માહાત્મ્ય પણ રહેતું નથી; આવો ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા પોતે જ સ્વતંત્રપણે આત્માનું જ્ઞાન-સૌખ્યરૂપ પરિણમન તે જ મહિમાવંત માંગળિક છે.

જેણે એક આત્માની પરિપૂર્ણ દશા જ્ઞાનમાં કબૂલી તેણે પોતાના જ્ઞાનમાં અનંતા સિદ્ધાત્માઓનો સ્વીકાર કર્યો ને પોતાનું પણ તેવું જ સ્વરૂપ છે એમ કબૂલ્યું એટલે તેણે ભંગ-ભેદનો નકાર કર્યો. જેવી સિદ્ધદશા મારા જ્ઞાનમાં જણાણી છે તેવી જ સિદ્ધદશાસ્વરૂપે પરિણમવું તે જ મારો સ્વભાવ છે. ઊણીદશા કે ભંગ-ભેદરૂપે પરિણમવું તે મારું સ્વરૂપ નથી. **'સિદ્ધને હું જાણું છું' એમ બોલાય છે પણ ખરેખર તો 'હું મારી જ પર્યાયને જાણું છું' તેમાં તેઓ જણાઈ જાય છે–એવું મારું સામર્થ્ય છે!! આમ સ્વનું બહુમાન આવવું જોઈએ.**

**દરેક જીવ પોતાની જ પર્યાયના સામર્થ્યને જાણે છે પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી તેથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે અને સ્વને ભૂલી જાય છે, પરંતુ 'હું મારા જ્ઞાન-સામર્થ્યને જાણું છું, પરને હું ખરેખર જાણતો નથી, અને મારું જ્ઞાન-સામર્થ્ય તો પરિપૂર્ણ છે' એમ સ્વનો મહિમા આવે તો કોઈ પરનો મહિમા આવે નહિ.** આત્મા પોતે અસંખ્યપ્રદેશે અનંતગુણનો પિંડ છે, તેને સંભારતા તો આખો પિંડ પર્યાયમાં આવી જાય છે. એક સમયની અવસ્થામાં અનંતગુણનો પિંડ વર્તમાનરૂપ આવી જાય છે અને તેઓ એક સમયમાં ખ્યાલ કરનાર મારી પર્યાય છે. આ રીતે, જ્ઞાનની પોતાની અવસ્થાના સામર્થ્યના ગાણાં ગવાણાં છે!

**અહો! આજે તો અપૂર્વ ભાવો આવ્યા છે. આત્મામાં આ ભાવોને ઓગાળવા જેવા છે. પોણી કલાક એકધારી અપૂર્વ વ્યાખ્યા આવી છે. આવી સરસ વાત કોઈ વખતે થઈ નથી. આજે તો કોઈ જુદી જ જાતથી ઘૂંટાણું છે....અલૌકિક અમૃત નીકળ્યું છે!!....આ રીતે અપૂર્વ માંગલિક થયું....**





श्री दिगंबर जैन स्वाध्यायमंदिर ट्रस्ट प्रेरित

श्री कुंदकुंद-कहान परिवार युवकमंडळ आयोजित

# वचनामृत वर्ष

सौजन्य : श्रीमती लाभुबेन चीमनलाल मोदी परिवार ह. हिनाबेन-विजयभाई तथा पारस

## प्रश्नपत्र क्रमांक—४ (कुल मार्कस-५०)

(अभ्यासक्रम : (१) गुरुदेवश्रीना वचनामृत क्रमांक ७९ थी ९९,

(२) बहेनश्रीना वचनामृत क्रमांक १०९ थी १४४)

---

परीक्षार्थीनुं नाम : .............................................. गामनुं नाम : ......................

मंडळनुं नाम : .................................................... उंमर : ......................

फोन नं.: ............................................................ ता. -०४-२०११

सूचना : (१) प्रश्नपत्रना उत्तर हिन्दी अथवा गुजरातीमां आपी शकाशे.

**(२) प्रश्नोना उत्तर वचनामृतना आधारे आपवा जरूरी छे.**

---

**प्रश्न : १ (अ) नीचे आपेला विषयोमांथी कोईपण एक विषय उपर १५ थी २० लीटीमां मौलिक निबंध तमारा शब्दोमां लखो.** (९)

(१) क्रमबद्धपर्याय क्यारे यथार्थ समजाय?

(२) ज्ञानी धर्मात्माने भगवाननी यथार्थ भक्ति

(३) धर्म अने धर्मी कोने कहेवाय

**(ब) नीचे आपेला विषयोमांथी कोईपण एक विषय उपर १५ थी २० लीटीमां मौलिक निबंध तमारा शब्दोमां लखो.** (९)

(१) द्रव्य सामान्यना स्वरूप ग्रहणथी ज मोक्षमार्ग!

(२) भगवाननी आज्ञा बहार पग मूकवो एटले शुं?

(३) गुरुदेवना वचनामृतो केवा छे? तेनी यथार्थ समजणथी शुं थाय?

**प्रश्न : २ (अ) नीचे आपेल प्रश्नोमांथी कोईपण एक प्रश्ननो उत्तर वचनामृतना आधारे तमारा मौलिक शब्दोमां लखो. (पांचथी दस लीटी)** (३)

(१) कुळदेवने हाजराहजूर रक्षण करनार मानवाथी शुं नुकशान थाय?

(२) धर्म कोने थाय? ऊंचा पुण्य कोने बंधाय? शा माटे?

(३) पर्यायनुं स्वरूप तथा तेने गौण करवानुं कारण!

**(ब) नीचे आपेल प्रश्नोमांथी कोईपण एक प्रश्ननो उत्तर वचनामृतना आधारे तमारा मौलिक शब्दोमां लखो. (पांचथी दस लीटी)** (३)

(१) आतमारूपी तीर्थ परम पवित्र शा माटे छे?

(२) तुं रखडपट्टी वखते पण शुद्ध पदार्थ रह्यो छे? शा माटे?

(३) लींडी पीपरना दृष्टांतमां सिद्धांत शुं फलीत थाय छे?

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૬)**

(૧) જીવ કઈ રીતે ક્રમબદ્ધના નામે સ્વચ્છંદતાનું પોષણ કરે છે?

(૨) પર્યાય કઈ રીતે સત્ય છે? અને કઈ રીતે જૂઠી છે?

(૩) જીવે શું નહીં કર્યું હોય તો મરણ સમયે ભીંસમાં ભીંસાઈ જશે?

(૪) જીવ કોને કરે ભોગવે છે? કોને કરતો ભોગવતો નથી?

(૫) જ્ઞાનીનું આંતરિક જીવન સમજવા શું જોઈએ?

(૬) ક્યા ભાવો પણ પરમાર્થે પાપ છે? શા માટે?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૬)**

(૧) ભવ્ય જીવોને કોનું ધ્યાન કરવાથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે? શા માટે?

(૨) "મુનિરાજને સાધકદશા એટલી વધી ગઈ છે," તેથી તેઓ શું કરે છે?

(૩) ગમે તેવા વિભાવ થયા છતાં સહજ તત્ત્વ કેવું છે?

(૪) તું કોની ભૂલથી રખડ્યો છે?

(૫) પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તે શા માટે જોયા નથી?

(૬) "એક એક દોષને ગોતી ગોતીને ટાળવા પડતા નથી" તો દોષોને ટાળવા કઈ રીતે?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક શબ્દમાં ઉત્તર આપો.** **(૬)**

૧. ભગવાનની ભક્તિના ભાવનો નિષેધ કરી જે ખાવા-પીવાના ભૂંડા રાગમાં જોડાય તેનું શું થશે?

૨. નિર્મળ તત્ત્વનો સ્પષ્ટ ઉપદેશ જીરવવા શું જોઈએ?

૩. શાનો વિશ્વાસ કરતાં રત્નત્રયધર્મની અનેક શાખા ઉપશાખા પ્રગટે?

૪. ગુરુ આત્માને ક્યા લક્ષણથી ઓળખાવે છે?

૫. કોની રમ્યતા સદાકાળ જયવંત વર્તે છે?

૬. શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજવામાં કોના કેવા વચનો સમજવા જેવા છે?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક વાક્યમાં આપો.** **(૪)**

(૧) તારું પરમાત્મ તત્ત્વ કેવું છે?

(૨) સાચા ગુરુ કોને મળે?

(૩) કોને અનાદિનો વિભાવનો અભ્યાસ વર્તે છે? અને કોને સ્વભાવનો?

(૪) કઈ દૃષ્ટિ છોડી અને કઈ દૃષ્ટિ કરે તો માર્ગ મળે જ.

**(ક) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

(૧) શરીરના એક એક તસુમાં....................... રોગ છે.

(૨) મુનિરાજને.............................નામ સ્મરણથી પણ ચિત્ત ભક્તિભાવથી ઉછળી જાય છે.

(૩) ..................................ધ્યાન કરવાથી મૂળ તળમાંથી શાંતિ આવતી નથી.

(૪) ..............................પોતે ચક્રવર્તી છે. એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે.

**શ્રી મધુરભાઈ મહેતા પરિવાર, સિંગાપુર હસ્તે પ્રવીણાબેન, સોનાલી, અરિહંત, બ્ર. કોકિલાબેન તથા રૂપાબેન દ્વારા**

**અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસસહ સંપન્ન,**

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૯મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

ધન્ય! સમ્યક્ત્વમાર્ગદાતા પૂજ્ય ગુરુદેવશ્રી, ધન્ય! સમ્યક્ત્વવિભૂષિત ભગવતીમાતા, ધન્ય! ફાગણ વદ ૧૦.

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શાસનના અનોખા રત્ન, તેઓના સદુપદેશથી ભવાંતકારી સ્વાનુભૂતિયુક્ત સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર—પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો સમ્યક્ત્વ પ્રાપ્તિનો મહોત્સવ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઘણા વર્ષોથી ઉજવાય છે. આ વર્ષે ૭૯મો સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ વિશેષ આનંદ ઉલ્લાસ સહ ઊજવવામાં આવ્યો.

### ✱ પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ ✱

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૪-૩-૨૦૧૧ થી તા. ૨૮-૩-૨૦૧૧ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક, શ્રી મધુરભાઈ મહેતા, સિંગાપુર હસ્તે પ્રવીણાબેન, સોનાલી, અરિહંત, બ્ર. કોકિલાબેન તથા રૂપાબેન દ્વારા, અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના લગભગ ૧૨૦૦ મુમુક્ષુઓ સુવર્ણપુરીમાં એકત્ર થયા હતા. આ ઉત્સવાર્થે સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપને પૂર્વાચાર્યોનાં સમ્યક્ત્વમહિમાસૂચક કથનો તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના નિજાત્મ-કલ્યાણકારી વચનોના રંગબેરંગી બેનરોથી સુશોભિત કરવામાં આવ્યો હતો. શ્રી મધુરભાઈ મહેતાના પરિવારના સભ્યો તરફથી "શ્રી રત્નત્રય-પૂજન-વિધાન"નું માંડલું મુનિરાજની સાધનાનું દર્શન કરાવતું વિશિષ્ટ કલાત્મકરૂપથી અત્યંત સુંદરરૂપે બનાવવામાં આવ્યું હતું જે ઉત્સવનું વિશિષ્ટ આકર્ષણ બની ગયું હતું. તથા મુખ્ય દિવસે (ફાગણ વદ-૧૦) પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ભાવશ્રુતજ્ઞાનના પ્રતીકરૂપ દીપકને મુખ્ય કરીને સ્ટેજ સજાવવામાં આવ્યું હતું જે અત્યંત ધ્યાનાકર્ષક લાગતું હતું.

### ✱ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✱

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી રત્નત્રય-પૂજન-વિધાન, વિવિધ બેનરોથી શોભિત વિશાળ મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું દર્શનપ્રાભૃત ઉપર CD પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે સાંજી-ભક્તિ રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું બહેનશ્રીનાં વચનામૃત

ઉપર CD પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો. બધા કાર્યક્રમોમાં કાર્યક્રમ-સ્થળ (મંદિર તથા મંડપ) ભરચક થઈ જતાં હતાં.

ઉત્સવના દિવસોમાં બધા મંદિરો તથા સ્વાધ્યાયમંદિર વિશિષ્ટરૂપે સજાવવામાં આવ્યા હતા. શ્રી મધુરભાઈ મહેતા પરિવાર તથા તેમના સંબંધીઓ તરફથી ઉત્સવના પાંચ દિવસ સાંજી-ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાંજી ભક્તિ દરમ્યાન પરમાગમમંદિર તથા ભક્તિસ્થળો વિશિષ્ટ વિષય પર સુંદર ઝાંખીઓ સજાવવામાં આવતી હતી. આયોજક પરિવાર તરફથી બ્ર. કોકિલાબેનના માર્ગદર્શનમાં ડૉ. જયશ્રીબેન દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ (૧) સ્વાત્માનુભવી ભગવતી માતા, (૨) દિવ્ય નૈના નિરખે સીમંધરનાથને (સમવસરણ સ્તુતિ પર નૃત્ય નાટિકા) (૩) મોક્ષપુરીના પથિક (ભગવાન ભરત અને બાહુબલીના જીવન પર આધારિત નાટિકા) તથા ચોથા દિવસે શ્રી સુવિધિભાઈ વારિયા, સુરેન્દ્રનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ પૂજ્ય બહેનશ્રીના જીવન અને સાધના પર આધારિત ધ્વનિપ્રકાશ કાર્યક્રમ દેખાડવામાં આવ્યો હતો. આ બધા સાંસ્કૃતિક કાર્યક્રમ મુમુક્ષુઓને અત્યંત પ્રિય અને રોચક લાગ્યા હતા.

## * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૨૮-૩-૧૧ને સોમવારના મહા પવિત્ર દિવસે ભવ્ય મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભજનમંડળીએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા, બપોરના શાસ્ત્ર પ્રવચનમાં ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી (રાજકોટ) શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી વિરાટભાઈ વોરા (અમદાવાદ) તથા શ્રી નિરંજનભાઈ (સુરત) દ્વારા અત્યંત ભક્તિભાવથી ભરપૂર શાસ્ત્ર-સ્વાધ્યાય કરાવવામાં આવ્યો હતો. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ), તથા શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ) તથા શ્રી શૈલેષભાઈ ગાંધી (રાજકોટ) દ્વારા ગુરુ મહિમાપૂર્ણ સુંદર શૈલીથી અધ્યાપન કરાવવામાં આવ્યું હતું.

## ઉત્સવના વિશિષ્ટ કાર્યક્રમ

### (૧) અષ્ટપ્રાભૃત સીડી વિમોચન

ઉત્સવના ત્રીજા દિવસે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ભગવાન કુંદકુંદાચાર્ય રચિત પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃતની પંડિત શ્રી હિંમતભાઈ જે શાહ અનુવાદિત હરિગીતની ઓડિયો સીડી (Mp3)નું વિમોચન બ્ર. શ્રી વજુભાઈ શાહ (વઢવાણ) તથા સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા દ્વારા કરવામાં આવ્યું. આ સીડીના સૌજન્યનો લાભ શ્રીમતી મીનાબેન અકલંકભાઈ કોઠારી, વડોદરાને પ્રાપ્ત થયો હતો.

## (૨) પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૨મા જન્મોત્સવની પત્રિકાલેખન

ઉત્સવના ચોથા દિવસે શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ઉજવવામાં આવનાર પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૨મા મંગલ જન્મોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનનો ભવ્ય કાર્યક્રમ થયો હતો. રત્નત્રયપૂજા પછી બધા મુમુક્ષુઓ પત્રિકા સૌજન્યકર્તા શ્રી રસિકભાઈ અમરચંદ ડગલીના નિવાસસ્થાને ગયા અને ત્યાંથી ભક્તિભાવસહ ગાજતે-વાજતે જુલુસના રૂપે સજાવવામાં આવેલી પત્રિકાને મંડપમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી સૌજન્યકર્તા દ્વારા પત્રિકા વાંચન તથા પત્રિકા લેખનનો કાર્યક્રમ સંપન્ન થયો.

આ મહોત્સવ પર કાયમી મંડલવિધાનપૂજા ૫૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૨,૯૦,૦૨૨=૦૦ ની ઉપજ થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. ૭૯ના અંકમાં ૭૯ × ૧૩૮૨ | = | ૧,૦૯,૧૭૮.૦૦ |
| ૨. વધાઈના ૨૦૦ × ૩૬૦ | = | ૭૨,૦૦૦.૦૦ |
| ૩. પ્રાસંગિક વિધાનપૂજા ૩ × ૧૦૦૧ | = | ૩,૦૦૩.૦૦ |
| ૪. જિનેન્દ્ર આરતીમાં | = | ૧૦,૨૭૧.૦૦ |
| ૫. વધાઈના સ્ટેજ પર | = | ૪૪,૪૬૯.૦૦ |
| ૫. અન્ય | = | ૫૧,૧૦૧.૦૦ |
| કુલ | = | ૨,૯૦,૦૨૨.૦૦ |

આ મહોત્સવમાં આયોજક શ્રી મધુરભાઈ મહેતા દ્વારા, મુમુક્ષુઓ માટે ભોજન તથા નિવાસની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તદ્ ઉપરાંત મહોત્સવનો તમામ ખર્ચ આયોજક શ્રી મધુરભાઈ મહેતા તરફથી આપવામાં આવ્યો હતો.

❑ ❑ ❑

**શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, હ. પૌત્ર ડો. મિલન (મયંક), પૌત્રી વિમલ, અલિસા તથા જિનબાળ અમરચંદભાઈ ડગલી, લંડન તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી પરિવર્તન દિન—મહાવીરજયંતી અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

**રૂા. ૧૧,૦૦૧/- સ્વ. ચંદુલાલ શાંતિલાલ શાહ, કતારગામના સ્મરણાર્થે હ. કતારગામ મુમુક્ષુમંડળ, સુરત તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.**

**રૂા. ૧૦,૦૦૦/- સ્વ. જયંતીભાઈ ભાયચંદભાઈ માવાણીના સ્મરણાર્થે હ. સુનિતાબેન ડી. શાહ, લંડન તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.**

# અમેરિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૨મો જન્મજયંતી મહોત્સવ તથા ચાર દિવસની આધ્યાત્મિક શિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન

શ્રી જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ (USA) દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૨૨મો જન્મજયંતી મહોત્સવ તથા આધ્યાત્મિક શિબિરનું ભવ્ય આયોજન અમેરિકાની રાજધાની વોશીંગ્ટન ડી.સી.માં તા. ૨૭ મે થી ૩૦ મે ૨૦૧૧ દરમ્યાન રાખવામાં આવેલ છે. આ પ્રસંગને અનુમોદન આપવાનું સૌભાગ્ય મેરીલેન્ડ સ્થિત શ્રી તલકભાઈ તથા શ્રીમતી રંજનાબેન શાહને પ્રાપ્ત થયેલ છે. આ દંપતીની દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની અર્પણતા પ્રશંસનીય છે.

ઉપરોકત શિબિરમાં શ્રી જિનેન્દ્ર પૂજન-ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો, જ્ઞાનગોષ્ઠી તથા ભારત અને અમેરિકાના વિદ્વાનો દ્વારા પ્રવચનો તથા આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ મંગલમય પ્રસંગમાં સામેલ થવા સૌ મુમુક્ષુઓને અમારું ભાવભીનું નિમંત્રણ છે. આ બાબતની વિસ્તૃત વિગત માટે અમારી વેબસાઈટ **www.ATMA–DARSHAN.ORG** ની વિઝીટ કરશો. અને જરૂર જણાય તો નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક સાધશો.

**: સંપર્ક સૂત્ર :**

1) Hasmukh M. Shah
President : Jain Swadhyay mandir
Songadh (USA)
Phone : 813–649–8979
Cell : 727–534–5168
E-mail : hasamukh33@yahoo.com

2) Shrimati Ranjna Talakbhai Shah
Phone : 301–340–8887
Cell : 240–626–4079
Email : sonalicorp@gmail.com

---

જે ઘરે ન જવું હોય તેને પણ જાણવું જોઈએ. એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે તેમ જાણવું જોઈએ. તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી તેથી તેનું જ્ઞાન પણ નહિ કરે તો એકાન્ત થઈ જશે, પ્રમાણજ્ઞાન નહિ થાય. પર્યાયનો આશ્રય છોડવા યોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તો જ નિશ્ચયનયનું જ્ઞાન સાચું થશે.

**શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

**શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલી–વીંછીયા**

**શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી હસ્તે પૌત્ર ડો. મિલન (મયંક), પૌત્રી વિમલ, અલિપ્રા તથા જિનબાળ અમરચંદ ડગલી, લંડન તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૨૦ | : જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર કળશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

* **પૂજ્ય બહેનશ્રીનો જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્તિ દિવસ :** ચૈત્ર વદ-૮, તા. ૨૫-૪-૨૦૧૧ ને સોમવારના રોજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જાતિસ્મરણ પ્રાપ્તિનો વાર્ષિક દિવસ વિશેષ પૂજા-ભક્તિ સહ ઊજવવામાં આવશે.

વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૧-૫-૨૦૧૧ રવિવારથી થી તા. ૨૦-૫-૨૦૧૧ શુક્રવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક— શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

श्री घाटकोपर दिगंबर जैन मुमुक्षुमंडळ-मुंबई

ઉપકૃત-હૃદયભીની ગુરુભક્તિસહ અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઊજવે છે

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૨મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૨મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા અતિ આનંદોલ્લાસ-પૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૨મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧-૫-૨૦૧૧ રવિવારથી તા. ૫-૫-૨૦૧૧ ગુરુવાર—પાંચ દિવસ સુધી 'શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન-વિધાન,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

[આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં સમ્યક્ત્વ જ્યંતી પ્રસંગે તા. ૨૭-૩-૨૦૧૧ રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ.]

*નિમંત્રક*

શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળના

જય-જિનેન્દ્ર

આત્મધર્મ
એપ્રિલ-૨૦૧૧
અંક-૮ * વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * આચાર્યદેવે ગજબ વાત કરી છે! *

અરે! અશુદ્ધ પરિણતિની વાત તો ક્યાંય રહી, પણ અહીં તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળ દશા છે તે પણ જીવને નથી, જીવમાં નથી, પણ તેઓ પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે. આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિ પૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્ગલના પરિણામમય કહ્યાં છે! કેમ કે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી. તેમના લક્ષે તો વિકલ્પ ઊઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ ચૂકી જવાય છે માટે તેઓ જીવના નથી. વળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે, પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદ ગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ—ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી, સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઊઠતો હોવાથી તે સઘળાય જીવના ન[illegible]તુ પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે.

—પુરુષાર્થપ્રેરણામૃ[illegible] પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org